
કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • ૧૦ જાન્યુઆરી ૨૦૨૦ | ₹ ૩૦

# વિશ્વકર્મા વિશ્વ



## સાંપ્રત સળગતી સમસ્યા
# છુટાછેડા






રાજકોટ-અમદાવાદમાં યોજાયો શિક્ષણ પ્રોત્સાહન સમારોહ



'હેલ્લારો'ની તેજલે રાજકોટમાં રાસની રમઝટ બોલાવી

Olive® Believe in the Best

www.oliveworld.co.in

vetroline
Aluminum & SS Railing Systems


MARSH METALS













MARSH METALS
C/26, Maruti Tenement, Behind Adarsh Tenement, Opp. Lotus School, Isanpur, Ahmedabad - 382443.
marshmetals@gmail.com +91 9099912408, 9662326555

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-7, Issue No.12
Date : 10-01-2020

Page : 36
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**

## તંત્રી સ્થાનેથી...

# જામનગર સમાજનું રાજકીય-સામાજીક કદ વધતું જાય છે...

જામનગરમાં પટેલ કોલોનીમાં આવેલ વિશાળ જગ્યા વિશ્વકર્મા બાગમાં દેશના સૌથી મોટા કહી શકાય તેવા રવિકુમાર ભારદિયા એ.સી. હોલનું લોકાર્પણ થયા બાદ જામનગરની ગુર્જર સુતાર જ્ઞાતિ અને તેના હોદ્દેદારોનું સામાજીક અને રાજકીય વજન વધી રહ્યું છે અને હવે જામનગરની ગુર્જર સુતાર જ્ઞાતિ પાંચમાં પુછાતી થઇ છે અને તેની દેશભરમાં અને વિદેશમાં વાહ વાહ થઇ રહી છે. એટલું જ નહીં પરંતુ જામનગર જ્ઞાતિની આવી પ્રગતિ બાદ ગુર્જર સુતાર જ્ઞાતિના આગેવાનોને ગામ-પરગામથી આમંત્રણ પણ મળવા લાગ્યા છે. જે જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ માટે ગર્વની વાત છે.

જો કે જામનગરમાં ટુંકા ગાળામાં વિકાસ કામ કરીને સમાજને ઉચ્ચ સ્થાને લઇ જવો તે નાની સુની વાત નથી. પ્રમુખ રમણીકભાઇ ગોરેચા, ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયા અને તેની ટીમે તેના કાર્યકાળ દરમ્યાન પરસેવો પાડીને જરૂર પડ્યે લાલ આંખ કરીને પણ વિકાસયાત્રા ચાલુ રાખી અને તેને કારણે જ એક સમયે પટેલ કોલોનીની જગ્યા જે ખંઢેર હાલતમાં હતી અને ભાડુઆતો વર્ષોથી 'ઘર કરી ગયા હતા' તેવા લોકોની જગ્યા ખાલી કરાવી આ માટે કમિટીએ રાજકીય આગેવાનો સાથે આત્મીયતા કેળવી અને પારિવારિક નાતો ઉભો કર્યો પરિણામે આ રાજકીય આગેવાનો પણ હોંશભેર સમાજની પડખે ઉભા રહેવા લાગ્યા છે અને જાહેરમાં પણ નાતનું કોઇપણ કામ હોય અમે બેઠા છીએ તેવી ખાતરી આપતા રહ્યા છે. જાહેરમાં આવી ખાતરીનો અમલ પણ કરતા રહ્યા છે. વિશ્વકર્મા બાગમાં થયેલા વિકાસ કામોમાં આવા રાજકીય સંબંધોનો મળેલ લાભ તેનો જીવતો જાગતો પુરાવો છે.

પટેલ કોલોનીમાં વિશ્વકર્મા બાગના થયેલ વિકાસને કારણે સારી એવી આવક પણ થવા લાગી છે. રવિ ભારદિયા હોલ સમાજને અર્પણ કર્યા બાદ અત્યાર સુધીમાં ૨૫ લાખ રૂા. જેવી રકમ ડીપોઝીટ પેટે મળી છે અને વર્ષે આશરે ૫૦ લાખની આવક થવાનો અંદાજ છે.

આ પૈકીની ૭૦ ટકા આવક શિક્ષણ અને આરોગ્યમાં જ વપરાશે તેવી ખાતરી આપી હોદ્દેદારો બેસી નથી રહ્યા તેનો અમલ પણ થવા લાગ્યો છે. તાજેતરમાં જ એક બેનના પતિને કેન્સર હોવાના કારણે પડેલ આર્થિક મુશ્કેલી વર્ણવી આર્થિક સહાયની અરજી મળતા તુરંત જ દશ હજાર જેવી રકમની આર્થિક સહાય આપી. આમ જામનગર જ્ઞાતિ દ્વારા થયેલા અને થતા રહેલા વિકાસને કારણે થનાર આવકને કારણે જામનગર સમાજનો સામાજીક અને શૈક્ષણિક વિકાસ વધુ ઝડપી થશે. જેમાં શંકા નથી.

જામનગર જ્ઞાતિ દ્વારા થયેલા વિકાસને સમાજે હોંશભેર સ્વીકારી જામનગરના ઉદ્યોગપતિ અને આગેવાનોએ ૮ પાનાની પત્રિકા ઘેર-ઘેર પહોંચાડી અને થયેલા વિકાસ કામોની ઝાંખી કરાવી અને હાલની કમિટી દ્વારા કેવા સંજોગોમાં વિકાસ કર્યો તે જણાવવાની પ્રશંસનીય કામગીરી કરી છે. અન્ય શહેરમાં આવું ક્યાંય બન્યું નથી. જામનગર જ્ઞાતિનો વિકાસ કાર્ય પરથી અન્ય સમાજે પણ પ્રેરણા લેવી જોઇએ.

◆ પ્રવિણ ગજ્જર

# સાંપ્રત સળગતી સમસ્યા છુટાછેડા : અભિશાપ કે આશીર્વાદ ?

નટવર આહલપરા

શાસ્ત્રમાં કહેવાયું છે કે,

જે હૃદય અહો ! તારું છે, તે હૃદય મારું બનો, ને હૃદય મારું છે તે અહો ! તે તારું બની રહો!

આજે, અમે ઉભય, પતિ-પત્ની સંકલ્પ કરીએ છીએ કે ગમે તે પરિસ્થિતિ ઉભી થાય, ગમે તેવી મુશ્કેલીઓને આપત્તિઓ અમારા દાંપત્ય જીવનમાં આવી પડે, અરે, ભલે આકાશ તૂટી પડેને ધરતી કંપી ઉઠે, અમે બન્નેય અન્યોન્યમાં અ-વિશ્વાસ ઉભો થાય તેવું કોઇ કામ નહિ કરીએ, અમે કદી લડીશું-ઝઘડીશું નહિં.

પણ સપ્તપદીના સાત વચન એકાએક ક્ષણમાં કેમ અલોપ થઇ જાય છે ?

આમ જોઇએ તો લગ્ન જીવનની ફતેહ યોગ્ય વ્યકિત મેળવવામાં નહીં પણ યોગ્ય વ્યકિત બનવામાં રહેલી છે. પણ આજે સર્વત્ર, સર્વ સમાજમાં છુટાછેડા રમતવાત થઇ ગઇ છે. મિત્રો, એક હાથે કયારેય તાળી ન પડે. ઘરફૂટે ઘર જાય. ઈર્ષા, અભિમાન, જડતા, ખટપટ, મોબાઇલ, ટીવી, ફેશન, ફુડ ફેનફતુર, મોંઘી ગાડી (ફોર વીલ) દેખાદેખીથી લેવી. આદર સત્કાર અને વિવેકનો અભાવ, અવ્યવહાર, કુસંપ, પાડી દેવાની વૃત્તિ. કહેવું કાંઇ અને કરવું કાંઇ. સત્ય છુપાવવું, સ્પષ્ટતા ન કરવી, ખોટુ બોલવું, ઓછું કે ભણતર, જાતું કરવાની ભાવનાનો અભાવ, મોટું મન ન રાખવું, પોતાનો જ કકકો સાચો રાખવો, કડવું, અપ્રિય અને તોછડું બોલવું. મીંઢા રહી કોઇમાં ભળવું નહીં. અતડા રહેવું. ભુલ સ્વીકારવી નહીં. માફી આપવી નહીં. ઘરમાં મોઢું ચઢાવીને ફરવું. કોઇની સાથે હસવું નહીં. સારું જોઇને રાજી ન થવું. વાંસો થાબડવો નહીં. શાબાશી આપવી નહીં. અવગુણ, સ્વભાવ સુધારવા પ્રયત્ન ન કરવો. પોતાના બુદ્ધિ સાગરમાં કાંકરા ઉડતાં હોય તો પણ અન્યનું જોઇને શિખવું નહીં. વારંવારભુલો કર્યા કરવી. વેતરણ, આયોજન વિના જીવવું. પોતે દુઃખી થાય પણ ઘરનાનેય દુઃખી કરવા. વિ. અવગુણ યાદ આવ્યાં એટલે લખ્યાં હજી તો ઘણાં યાદ કરી શકાય. લાંબી યાદી જાય.



### છુટાછેડા થવાનાં કારણો નીચે પ્રમાણે હોઇ શકે છે :

**વરપક્ષ : જેને આ બાબત લાગુ પડે છે તેવા વર માટે જ આ લાગુ પડે છે. અન્ય માટે નહીં.**

વરમાં પુરુષત્વ ન હોય. વ્યસની, જુગારી, શરાબ-સુંદરીની લત ધરાવતો હોય. વાતવાતમાં પત્નીના. વડીલોના અપમાન થવાથી. તોછડી, કોબાડ બોલી. અહમ, જડતા રાખવી. ઓછું, વધુ ભણતર પણ સમજણ ન હોવી. ઓછી, વધુ આવક હોય પણ વેતરણ, બચત અને આયોજન ન હોવું. સૌનું માન-સન્માન ન રાખવું. ધર્મ, વ્યવહાર અને ફરજ બરાબર ન સમજવા. સાચાં જન્માક્ષર ન આપવા. મને તો આ ન જ ફાવે એવી વૃત્તિ રાખવી. લગ્ન પછી પણ અન્ય સ્ત્રી સાથે સંબંધ રાખવા. ઉછીના, ઉધાર લીધેલા પૈસા પરત ન આપવા. લોનના હપ્તા નિયમિત ન ભરવા. આઠાનાની આવક હોય અને એક રૂપિયાનો ખર્ચ કરવો. પરદેશ જવાનો આંધળો મોહરાખવો. વૃદ્ધ મા-બાપની સેવા કરવાને બદલે પરણીને તરત જુદા થઇ જવું. મોડાં સુવું, મોડાં ઉઠવું, બહારનું જ ખાવું. સ્ત્રી તરીકે પત્નીનું માન ન જાળવવું. વડીલોને પૂછવું નહીં અને આજ્ઞાનું પાલન ન કરવું. ગમે તે જ્ઞાતિની છોકરી સાથે ભાગીને, કોર્ટમાં લગ્ન કરી, પસ્તાઇ છુટાછેડા લેવા અને માતા-પિતાની જીવનની બધી કમાણી ધૂળધાણી કરવી. છોકરાને છુપા દર્દ હોય, મંગળ હોય છતાં જણાવવું નહીં. ઉંચાઇ વધુ-ઓછી, જાડાપણું, પાતળાપણું વ. કેટલા કારણો જણાવું ? જાગો, વર મા-બાપ જાગો નહીં તો પતન નકકી છે. સમજી લેવું. નિર્દોષ મા-બાપ હોય તો તેનો શું વાંક ?

પરાવલંબી, ભોળો, બોદો, આળસુ અને આવડત વિનાનો યુવાન કયાંય ન ચાલે ! ૨૦૩૦માં વિશ્વમાં સૌથી વધુ આવા

યુવાનો ભારતમાં હશે. જો તેઓ સીધા માર્ગે ચાલશે તો ભારત સુપર પાવર બનીજશે અને જો એમ ન થયું અને અન્ય દેશની માફક કાવતરાની ડ્રગ્ઝ, હેરોઇન વ. ના રવાડે ચડી જશે તો પતન થશે.

અરે દીકરો ઘૂઘવતો સાગર થવાને બદલે સૂકો દરિયો થાય છે એવી ઘટનાઓ પણ ઓછી નથી. પચીસ વર્ષના જુવાન દીકરાઓ કામ કરવાને બદલે ડ્રગ્સ, શરાબ, સુંદરી, જુગાર, રખડપટ્ટી, આળસ કરે અને તેનાં લાખો પિતાઓને સાઠ કે સિત્તેર વર્ષે જુવાન બનીને કામ કરવું પડે છે એવા દૃશ્યોય જોવા મળે છે. આવા નર ને નારાયણ કોણ કહેશે ?

**કન્યાપક્ષ :**

'સડેલો વેલો આખી વાડને બગાડે', મા-બાપ પોતાની ખાનદાની છોડી શકતાં નથી. માંડ માંડ બધું થાળે પડયું, ગાડું બરાબર ચાલશે તેવા વિશ્વાસથી પંદર હજારના ભાડામાં વધુ સારો ફ્લેટ ભાડે રાખે. કાલે સારા વાના થશે એવી આશા ઘરના સૌ રાખે. (૨) પણ બાળપણનાં સંસ્કાર તો બહાર આવે જ ને ? ઓશિકા નીચે સારાં પુસ્તકો રાખવાને બદલે અખબારોની ન જોઇ શકાય તેવી ફિલ્મ પૂર્તિનો સંગ્રહ કન્યા કરતી હોય છે. ટી.વી. ઉપર દર્શાવાતી કોઇપણ ફિલ્મના હીરો, હીરોઇનને ઓળખી બતાવે. ફિલ્મ, ફૂડ, ફેશન, ફાઇટ અને ફ્રીડમ એમ પાંચ મિત્રો વધુ ને વધુ ઘર કરતાં જાય છે. અખબારમાં કોઇ છોકરીની જાહેરાત 'અમારા કહયામાં નથી' વાંચીને કન્યાઓ હસ્તી હોય. પતિના પૈસાની બચત નહીં પણ મોજશોખ, હરવા-ફરવામાં ઉડાડી દેવાની જ ગણતરી આવડે છે.




કરકસર થોડી કરાય ? પૈસા કબાટમાં થોડા રખાય ? જમવા બેસતી વખતે બે ગલોફામાં કોળિયો મૂકી, ગાલને ફૂલાવી ઢોર ખાય તેમ ખાય છે. રેસ્ટોરન્ટમાં પોતાનું તો ખાઇ જઇ પણ બીજાનું વધેલુંય ખાઇ જાય. અને પછી વટથી કોઇની શરમ રાખ્યા વિના કહે કે, 'મારી સામે ભલે ગમે તે બેઠાં હોય જમવામાં હું કોઇની શેહશરમ ન રાખું, ખાઇ જ લઉં !' મા શાક લેવા જાય અને ઘરમાંથી જુવાન દીકરી અજાણ્યા પુરૂષ સાથે, પાણીપુરીવાળાનું મૂળ-કૂળ જાણ્યા વિના તેની સાથે, બે સંતાનનાપિતા સાથે ભાગી જતી હજારો દીકરીઓનાં મા-બાપને તો પૂછો કે તેના માટે 'દીકરી વ્હાલનો દરિયો છે કે ખારો દરિયો' ધોળા તો ગધેડાય હોય. રૂપના રોટલા ન થાય. ગુણ, સંસ્કાર, વિવેક અને ભણતર જ માણસનું સાચું ઘરેણું છે. ખબર જ ના પડે કે આટલો બધો પાવર શાનો હોય છે ? મને તો આ જ ફાવે, આ ન ફાવે. આવું જ કરવું હોય તો કોઇ અબજપતિને ત્યાં જન્મ લેવો જોઇએ. ખાવું-પીવું, ફુલ ફટાક થઇને ફરવું-રખડવું. કોઇ માન-મર્યાદા નહીં. આ એકવીસમી સદીમાં આવી સ્ત્રીને નારાયણી કેમ કહેવી ?

ખરેખર 'અધૂરો ઘડો છલકાય', 'કમજોર કો ગુસ્સા બહોત', 'અર્ધજ્ઞાની કરતાં ગાંડો સારો', 'જેણે જોયું ન હોય તે વધુ કુદકા મારે'

કયારેક મજબુરીથી મા-બાપ કન્યા વિક્રય કરે તે તો સમજયા પણ તંદુરસ્ત પિતા દાદાગીરીથી, સ્ત્રી કાયદાને આગળ ધરી, મહિલા પોલીસ સ્ટેશનની ધમકી આપી વરપક્ષ પાસે પૈસા પડાવે તે કયાંનો ન્યાય ? આગેવાનો જાગો. આ દાવાનળ ઠારો.

માણસ કયારેય ગરીબ હોતો નથી પણ કયારેક માણસે જ ઉભા કરેલા સંજોગો તેને ગરીબ બનાવે છે. પછી મા-બાપે, નસીબ, ગ્રહ કે ભગવાનનને દોષ જરૂર જ નથી.

બહુ હસતો પુરૂષ અને બહુ રડતી સ્ત્રી સારી નહીં. રૂપ બહુબહુ તો પાંત્રીસ વર્ષ પછી શું ?

નારીને નારાયણી કોણ કહેશે ? જો નારી જ સ્વતંત્ર સ્વચ્છંદી, તુંડ મિજાજી, છેલબટાઉ, ઉદ્ધત બની મોજમજા જ કરશે તો તેનાં સંતાનોની આવતીકાલ કેવી હશે ?

**આજે છુટાછેડા સળગતી સમસ્યા બની છે**

સાહેબ, વર કે કન્યાને સીઝોફેનિયા હોય, વાઇ તાણ, આંચકી આવતી હોય, હૃદયનો વાલ્વ નબળો હોય, એક આંખ ખોટી હોય, ટી.બી. કેન્સર જેવા રોગ હોય કુંડળી મંગળવાળી હોય, એબોર્શન કરાવ્યું હોય વ. બાબતો જોઇ, જાણી છે તે લખી. પણ હજી આવી બાબતો કેટલીય હશે ? ભગવાન જાણે !

સગાઇની સાંજે, બીજે દિવસે છૂટું કરવું પડે ? સુહાગરાતે છુટા થવાની શરણાઇ વાગે ? એક, બે, ત્રણ, ચાર ચાર વાર છુટું થવાના કારણોમાં કયારેક એક હાથે તો તાળી ન જ પડી હોય ?

પતિ, પત્ની, સાસુ, સસરા, દિયર, નણંદ વ. એ પોતાનો ખરાબ સ્વભાવ સુધારવો પડશે. સમુહલગ્નમાં લગ્ન કર્યા પછી પણ છુટાછેડા થવા મંડયા છે. આ કયાંયનો ન્યાય ?

ઇ.સ. ૨૦૨૦ના પ્રારંભે આ લેખ મારે લખવો પડે તે કેટલી દુઃખકર બાબત છે. હું અને મારો પરિવાર પણ આ દાવાનળની ઝપટમાં આવી ગયા છીએ અને મારા જેવા કેટલાંય પરિવાર આ દાવાનળની ઝપટમાં આવી ગયાં હશે અને કયાંક નિર્દોષ સાસુ, સસરા, પતિ, પત્નીને કોઇ કારણ વિના આત્મહત્યા કરવી પડી છે. આપણે ભલે સમુહલગ્ન, રકતદાન કેમ્પ, વિદ્યાર્થી સન્માન સમારંભ, વિશ્વકર્મા જયંતી, વિશ્વકર્મા પુરાણ કથા વ. કરીએ પણ છુટાછેડાના આ દાવાનળને ઠારવાના પ્રયત્નો આજથી જ કરવા પડશે. જાગો વડીલો, આગેવાનો જાગો !

**- નટવર આહલપરા, મો. ૯૯૭૪૦ ૦૯૦૪૨**



# 'હેલ્લારો'ની અભિનેત્રી તેજલ પંચાસરા કહે છે, ગરબા એ તો ગુજરાતની ઓળખ છે

○ પ્રવીણ ગજ્જર

## નવા વર્ષના પ્રથમ દિવસે જ ગોવિંદીયા ટ્રસ્ટ દ્વારા તેજલનું અદકેરું સન્માન

કચ્છના રણમાં કે જયાં પ્રાથમિક સુવિધાનો અભાવ હતો, નવોદિત કલાકારો હતા અને શુટીંગ દરમ્યાન પગમાં ફોડલા પડયા, કાંટા વાગ્યા પણ એ પરિશ્રમનું એક સામટુ ફળ મળ્યું છે. હેલ્લારો તે આપણી ધરતીની માટીની વાત છે અને ગરબા એ તો ગુજરાતની ઓળખ છે. હેલ્લારોના ગરબાના તાલે વિદેશીઓ પણ રાસડા રમવા માંડયા છે. આનાથી મોટી વાત શું હોઇ શકે ? મોટી સફળતા શું હોઇ શકે ?

આ શબ્દો છે. હેલ્લારોની ૧૩ અભિનેત્રીઓ પૈકીની ગોમતીનું પાત્ર ભજવનાર તેજલ પંચાસરાના. જે ફિલ્મમાં ૧૩ જેટલી અભિનેત્રીઓમાં ત્રણ તો આપણા પરિવારની. આ ત્રણ પૈકીની તેજલ પંચાસરા નવા વર્ષના પ્રથમ દિવસે જ રાજકોટની મહેમાન બની હતી. રાજકોટમાં ગોવિંદીયા ટ્રસ્ટ સંચાલિત શ્રી અમૃત મહોત્સવના વાર્ષિક ઉત્સવમાં હિંમતભાઇ ગોવિંદીયાના આમંત્રણને માન આપીને અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત તેજલ પંચાસરાની ઉપસ્થિતિમાં શાળાની દીકરીયુએ ખાસ તૈયાર કરેલ હેલ્લારોનો રાસડો સ્ટેજ પર રજુ કર્યો ત્યારે







તેજલ પંચાસરા પોતાને રોકી શકી નહીં. તેઓએ સ્ટેજ પર જઇને શાળાની દીકરીયુની સાથે રાસડામાં ભાગ લીધો ત્યારે વાતાવરણ તાલીઓના ગડગડાટથી ગાજી ઉઠયું હતું.

તેજલ પંચાસરા કહે છે, છેલ્લા એકાદ દાયકાથી પરિવર્તનનો પવન ફુંકાયો. અને ચીલાચાલુ ગુજરાતી ફિલ્મને બદલે શહેરી જીવનને સ્પર્શતી ફિલ્મો કે જેને અર્બન ગુજરાતી ફિલ્મ તરીકે ઓળખવામાં આવે છે. આવી ફિલ્મોએ શિક્ષિત અને સારા લોકોને થિયેટર સુધી આવતા કરી દીધા. કોમેડી ફિલ્મ સિવાય નવું આપવાનું જોખમ ખેડવા સર્જકો તૈયાર ન હોય અને એમ કહેતા હોય કે ગંભીર વિષયોની ફિલ્મો માટે ગુજરાતી ઓડીયન્સ તૈયાર નથી. આવી પરિસ્થિતિમાં હેલ્લારોએ સાબિત કરી આપ્યું કે ગુજરાતી ઓડીયન્સને પણ સારા વિષયોવાળી ફિલ્મો, સારી વાર્તાવાળી ફિલ્મો પસંદ છે.

મૂળ આપણા સૌરાષ્ટ્રના વઢવાણનાં પણ અમદાવાદમાં જન્મીને ઉછરેલ તેજલ પંચાસરા વર્ષોથી નાટક સાથે સંકડાયેલ છે. હિરેન ગાંધી, સૌમ્ય જોષી જેવા કલાકારો સાથે તેમણે સ્ટેજ પર પોતાની કલા પાથરી છે. તેજલ પંચાસરાના લગ્ન પ્રોડયુસર-ડાયરેકટર અભિષેક શાહ સાથે થયા. તેજલની આ પ્રથમ ફિલ્મે જ ગુજરાતી ફિલ્મની દુનિયામાં એવો ડંકો વગાડી દીધો કે હેલ્લારો ફિલ્મે આ વર્ષનો બેસ્ટ ફિચર ફિલ્મનો નેશનલ એવોર્ડ મેળવ્યો. ઇન્ડિયન ઇન્ટરનેશનલ




ફિલ્મ ફેસ્ટીવલનું ગોવામાં આયોજન થયું હતું. તેના પેનોરમાનું ઓપનીંગ એટલે કે સમગ્ર કાર્યક્રમનો પ્રારંભ હેલ્લારોથી થયો. આવુ સન્માન હિંદી ફિલ્મને પણ મળ્યું નથી.

હેલ્લારો ફિલ્મના પ્રોડયુસર ડાયરેકટર અભિષેક શાહ હેલ્લારોને મળેલ પ્રચંડ પ્રતિસાદથી અત્યંત ખુશ છે અને હેલ્લારોની સફળતાએ તેમને સર્જનમાં સર્જનમાં અનેરું પ્રોત્સાહન મળ્યું છે.

રાજકોટમાં ગોવિંદીયા ટ્રસ્ટ સંચાલિત શ્રી અમૃત મહોત્સવમાં ખાસ ઉપસ્થિત રહેલ તેજલ પંચાસરાનું હિંમતભાઇ ગોવિંદીયા, વિજયાબેન ગોવિંદીયા અને માલતીબેન મેસવાણિયાએ સ્મૃતિચિન્હ આપીને તેમજ તેજલના માતુશ્રી પ્રફુલાબેન પંચાસરાનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. જયારે સ્કુલના સ્ટાફ મેમ્બરો દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી તેજલ પંચાસરાનું સન્માન કરાયું હતું.

શાળાના બાળકો દ્વારા રજુ કરાયેલ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી તેજલ પંચાસરા પ્રભાવિત થયા હતા. સ્કુલના તેજસ્વી બાળકો, બોર્ડમાં આવેલ તેજસ્વી વિદ્યાર્થીઓનું પણ સન્માન કરાયું હતુ. કાર્યક્રમમાં વિવિધ સંસ્થાના હોદેદારો, આગેવાનો ઉપસ્થિત રહયા હતા. અને તેઓના હસ્તે વિદ્યાર્થીઓનું સન્માન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન વિશાલ વડગામા, જાહનવી વડગામાએ કર્યું હતું.




## રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ દ્વારા સન્માન સમારંભ યોજાયો

# વ્યસનોને તિલાંજલી આપો : દિલીપભાઇ ભારદિયા

● જયંતિભાઇ નગેવાડિયા

## આઠ વિશિષ્ટ પ્રતિભાઓનું પણ મોમેન્ટો અને સર્ટીફીકેટ આપી સન્માન કરાયું

શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ દ્વારા તા. ૨૫-૧૨-૧૯ને બુધવારે સાંજે કેળવણી મંડળના પટાંગણમાં દાતાશ્રીઓ અને વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાઇ ગયો.

કાર્યક્રમનો પ્રારંભ મુખ્ય મહેમાન દયાળજીભાઇ મોહનભાઇ ભારદિયા(દિલીપભાઇ) ટ્રસ્ટીશ્રી જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ, અતિથિ વિશેષ રમણીકભાઇ દયાળજીભાઇ ગોરેચા પ્રમુખશ્રી જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ, ડો. ધવલભાઇ હસમુખભાઇ તલસાણિયા તથા ડો. એકતાબેન ધવલભાઇ તલસાણિયા(જામનગર)ના હસ્તે દીપ પ્રાગટય કરાયું હતું. કેળવણી મંડળના અધ્યક્ષ કિશોરભાઇ જાદવાણી, પ્રમુખ ચમનભાઇ ગોવિંદીયા, મંત્રી નટુભાઇ ભારદીયા ઉપસ્થિત હતા. બાદમાં ચાર બહેનો ભાવનાબેન અંબાસણા, વિશાખાબેન સિનરોજા, જીજ્ઞાબેન ગજજર, ભાવનાબેન બદ્રકિયાએ પ્રાર્થના રજુ કરી હતી.

**નબળા બાળકોને પ્રોત્સાહન આપો : રમણીક ગોરેચા**

અધ્યક્ષ કિશોરભાઇ જાદવાણીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, ૧૯૯૩થી રાજકોટમાં વિદ્યાર્થી સન્માન શરૂ કરાયેલ બાદમાં ગામેગામ વિદ્યાર્થી સન્માન શરૂ કરવામાં આવેલ છે તે અમોને ગર્વ છે. આવી સંસ્થા શરૂ કરનાર અભણ અથવા ઓછુ ભણેલા લોકોએ જ શરૂ કરી છે. સંસ્થાને વધુ સહકાર ઓછું ભણેલા લોકોનો વધુ મળે છે. અહીંથી ભણીને આગળ આવેલ વિદ્યાર્થીએ પોતાની આવક શરૂ થાય અને સદ્ધર થાય ત્યારે સહકાર આપવા વિનંતી કરી હતી. અને કેળવણી મંડળના અમુક અનામી દાતાઓની વિગત જણાવી હતી અને કેળવણી મંડળના ઉપરનાં હોલના દાતા જેઓનું તાજેતરમાં અવસાન થયું તેવા લંડન નિવાસી સ્વ. રસીકભાઇ વાલંભિયાને પણ યાદ કર્યા હતા અને અંતમાં ઇનામ વિજેતા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

સ્વાગત પ્રવચન બાદ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. મુખ્ય મહેમાન દયાળજીભાઇ ભારદીયાનું કિશોરભાઇ જાદવાણીએ, અતિથિ વિશેષ રમણીકભાઇ ગોરેચાનું ચમનભાઇ ગોવિંદીયાએ, ડો. ધવલભાઇ તલસાણિયાનું ભરતભાઇ ખારેચાએ તથા ડો. એકતાબેન તલસાણિયાનું ઇલાબેન ગોવિંદીયાએ સ્વાગત કરેલ.











વિદ્યાર્થીઓને અપાતા ઇનામ અને સહાય અંગે વિગતો જણાવતા સંસ્થાના મંત્રી નટુભાઇ ભારદીયાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થી સન્માન માટે ધો. ૫ થી ૯માં ૮૫ ટકા ઉપર ધો. ૧૦માં ૭૫ ટકા ઉપર, ધો. ૧૧-૧૨મા ૬૫ ટકા ઉપર તથા કોલેજમાં ડીગી પૂર્ણ કરનારના ફોર્મ સ્વીકાર્ય હતા. આમાં ધો. ૫ થી ૧૨માં ૨૯૯ વિદ્યાર્થી તથા કોલેજનાં ૩૯ વિદ્યાર્થી મળી કુલ ૩૩૮ વિદ્યાર્થીઓ ઇનામને પાત્ર બન્યા હતા. દરેક ધોરણમાં ૧ થી ૩ ક્રમે આવનારને ઇનામો અપાયા હતા. બાકીનાં વિદ્યાર્થીઓને આશ્વાસન ઇનામો અપાયા હતા. વિદ્યાર્થીઓને નોટબુક, પુસ્તકો અને ફી અંગે જણાવ્યું કે આ વર્ષે ધો. ૧ થી ૧૨નાં ૧૪૬૫ વિદ્યાર્થીઓને નોટબુક અને પુસ્તકો અપાયા. ધો. ૧૦ તથા ૧૨નાં ૧૪૦ વિદ્યાર્થીઓને રૂા. ૨,૮૪,૦૦૦/- જેટલી રકમ ટ્યુશન ફી તરીકે અપાયેલ. કોલેજના ૨૨૨ વિદ્યાર્થીઓને રૂા. ૩ લાખ જેટલી રકમ પુસ્તકો ખરીદવા રોકડ સહાય અપાતા તેમજ મેડીકલ સહિત માસ્ટર ડિગ્રી માટે ૧૧૫ વિદ્યાર્થીઓને ૪,૫૪,૦૦૦/- જેટલી રકમ પુસ્તક સહાય તરીકે આપવામાં આવેલ.


વિદ્યાર્થીઓને ધો. ૫ થી ૧૨માં પ્રથમ ત્રણ આવનાર વિદ્યાર્થીઓ તથા કોલેજમાં ડિગ્રી મેળવનાર દરેક વિદ્યાર્થીઓને પધારેલ મુખ્ય મહેમાન અતિથિ વિશેષશ્રીઓ તથા સંસ્થાનાં હોદેદારોના હસ્તે ઇનામો અપાયા હતાં.

દાતાશ્રીઓના સન્માનમાં જે દાતાઓ રૂા. ૧૫૦૦૦ કે તેથી વધુ રકમનું દાન આપે છે તેમનું નામ તકતીમાં લખવામાં આવે છે તથા રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ આપનાર દાતાશ્રીનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવે છે. આ પ્રસંગે દાતાશ્રીઓનું કેળવણી મંડળના હોદેદારોના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. દાતા સન્માનમાં (૧) ૧,૧૧,૧૧૧/- અનિલભાઇ ડી. સંચાણિયા-રાજકોટ, (૨) ૧,૦૦,૦૦૧/- એક શુભેચ્છક તરફથી (૩) રૂા. ૫૧,૦૦૦/- ડો. લલિતભાઇ બદ્રકિયા-બોટાદ (૪) ૫૦૦૦૧/- જયંતભાઇ ગોવિંદીયા-યુ.કે. (૫) રૂા. ૩૨,૦૦૦/- જયંતીભાઇ તલસાણિયા-રાજકોટ (૬) ૨૫૦૦૦/- ચિરાગભાઇ સુરેલિયા-યુ.કે. (૭) રૂા. ૨૨,૦૦૦/- મુકેશભાઇપંચાસરા (૮) ૧૫૧૧૧/- ઘનશ્યામભાઇ ખંભાયતા - રાજકોટ (૯) રૂા. ૧૫,૧૧૧/- ઘનશ્યામભાઇ ખંભાયતા-રાજકોટ (૧૦) રૂા. ૧૫,૧૫૧/- વિનોદભાઇ છનિયારા-રાજકોટ (૧૧) રૂા. ૧૫,૧૧૧/- ભાવિનભાઇ ભારદિયા-રાજકોટ (૧૨) રૂા. ૧૫,૦૦૦/- મધુબેન, ભારતીબેન તથા હર્ષાબેન-રાજકોટ (૧૩) રૂા. ૧૧૧૧૧/- વિજયભાઇ બેન કરગથરા-રાજકોટ. (૧૪) રૂા. ૧૧૧૧૧/- ધીરેશ એન્જિનિયરીંગ વર્કસ-રાજકોટ (૧૫) રૂા.૧૧૧૧૧/- ડો. સુરેશભાઇ તલસાણિયા-યુ.કે. (૧૬) રૂા. ૧૦,૦૦૦/- હસમુખભાઇ કરગથરા-રાજકોટ (૧૭) રૂા. ૧૦,૦૦૦/- ધ્વનીબેન પંચાસરા-મુંબઇ(૧૮) રૂા. ૧૦,૦૦૦/- પુષ્પાબેન ભારદિયા-યુ.કે. (૧૯) રૂા. ૧૦,૦૦૦/- પુષ્પાબેન ભારદિયા-યુ.કે. (૨૦) રૂા. ૧૦,૦૦૦/- ધર્મેશભાઇ સંચાણિયા-રાજકોટ.









આ ઉપરાંત કાર્યક્રમમાં દાનની રકમ જાહેર કરનાર દાતાઓમાં રૂા. ૧,૧૧,૧૧૧/- સ્વ પુષ્પાબેન ત્રિભોવનભાઇ પંચાસરાની સ્મૃતિમાં હ. મુકેશભાઇ પંચાસરા રૂા. ૨૫,૦૦૦/- ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટની કમિટી મેમ્બરો તરફથી, રૂા. ૧૧,૧૧૧/- ગુર્જર સુતાર જ્ઞાતિ-જામનગર તરફથી રૂા. ૧૫,૦૦૦/- કાંતાબેન જગજીવનભાઇ ગુંજારીયા-રાજકોટ, રૂા. ૧૫,૦૦૦/- હર્ષાબેન જાદવાણી-રાજકોટ. આ ઉપરાંત બહારગામથી પધારેલા વિવિધ સંસ્થાઓના હોદેદારો તરફથી પણ નાના-મોટા અનુદાનો જાહેર કરવામાં આવેલ.

આ પ્રસંગે જ્ઞાતિની વિશિષ્ટ પ્રતિભાઓનું જ્ઞાતિના હોદેદારોના હસ્તે મોમેન્ટો તથા સર્ટીફીકેટ આપી સન્માન કરવામાં આવેલ. (૧) સાહિલ ભાવેશભાઇ વડગામાએ ૨૦૧૯માં ધો. ૧૦માં એ૧ ગ્રેડ સાથે ૯૯.૯૯ પીઆર મેળવી ગુજરાત બોર્ડમાં પ્રથમ આવવા બદલ સન્માન કરવામાં આવેલ. (૨) ગોપિકા હિતેષભાઇ વડગામાએ ૨૦૧૯માં ધો. ૧૦ માં એ૧ ગ્રેડ સાથે ૯૯.૯૮ પીઆર મેળવી ગુજરાત બોર્ડમાં બીજું સ્થાન મેળવવા બદલ સન્માન કરવામાં આવેલ. (૩) અમી પ્રદિપભાઇ કરગથરાએ વલસાડની મેડીકલ કોલેજમાં અભ્યાસ કરી ૨૦૧૯માં એમબીબીએસની ફાઇનલ પરીક્ષા પાસ કરી એમબીબીએસ ડોકટરની ડિગ્રી મેળવવા બદલ સન્માન કરવામાં આવેલ. (૪) જલ્પા જીતુભાઇ સોંડાગરએ વલસાડની મેડીકલ કોલેજમાં અભ્યાસ કરી ૨૦૧૯ની એમબીબીએસની ફાઇનલ પરીક્ષા પાસ કરી એમબીબીએસ ડોકટરની ડીગ્રી મેળવવા બદલ સન્માન કરવામાં આવેલ. (૫) જાનવી અમિતભાઇ સીનરોજાએ ગાંધીનગરની મેડીકલ કોલેજમાં ડેન્ટીસના અભ્યાસ કરી ૨૦૧૯ની બીડીએસની પરીક્ષાપાસ કરી ડેન્ટીસ ડોકટરની ડિગ્રી મેળવવા બદલ સન્માન કરવામાં આવેલ. (૬) જાનકી હિતેષભાઇ દુદકીયા એ ધો. ૧૨માં અભ્યાસ કરી ૨૦૧૯ની ગુજરાત એચએસસી બોર્ડની પરીક્ષામાં એ૧ ગ્રેડ સાથે ૯૯.૮૧ પીઆર મેળવવા બદલ સન્માન કરવામં આવેલ. (૭) પ્રતિક પ્રવીણભાઇ અઘેરા શ્રીમતી જાગૃતિબેન તથા પ્રતિક મશીન ટુલ્સવાળા પ્રવીણભાઇ ઓધવજીભાઇ અઘેરાના પુત્ર પ્રતિકે ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરી હાઇસ્કુલનું શિક્ષણ લીધેલ. બી.કોમ.નાં અભ્યાસની સાથે સી.એ.ની તૈયારી કરી. બી.કોમ. પૂર્ણ કર્યા બાદ સી.એ. કઠીન ગણાતી પરીક્ષા ખુબજ મહેનત કર્યા બાદ ૨૦૧૯માં સી.એ.ની પરીક્ષા પાસ કરી સી.એ. ચાર્ટડ એકાઉન્ટન્ટની ડીગ્રી મેળવી જ્ઞાતિનું ગૌરવ વધારવા બદલ સન્માન કરવામાં આવેલ. (૮) ભૌતિક રૂપેશભાઇ નગેવાડિયા-ગોંડલ રાજકોટની આત્મીય કોલેજમાં બી.ઇ. પાસ કરી, રાજકોટની મારવાડી કોલેજમાં એમ.ઇ.નો અભ્યાસ કરી તાજેતરમાં ૨૦૧૯માં એમ.ઇ. માસ્ટર ઇન એન્જિનિયરીંગની પરીક્ષા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)માં પ્રથમ આવી જી.ટી.યુ. દ્વારા ગોલ્ડમેડલ મેળવવા બદલ સન્માન કરવામાં આવેલ.

આ પ્રસંગે મુખ્ય મહેમાન દિલીપભાઇ ભારદીયાએ ઉદબોધન કરતાં જણાવ્યું હતુ કે આજે શિક્ષણ મોંઘુ થતું જાય છે. શિક્ષણ વેંચાતુ થઇ ગયું છે. કારણ કે ટયુશનમાં ખર્ચ વધુ થાય છે જો છોકરાઓ સ્કુલમાં મહેનત કરે તો ટયુશનની જરૂર જ ન પડે, ટયુશન ખર્ચ વધતા વિદ્યાર્થીઓને આગળ ભણવામાં મુશ્કેલી પડે છે. જે પિતાના છોકરાઓ અભ્યાસ કરતા હોય તેમણે પાન-ફાકી, સીગારેટ જેવા વ્યસનો ન રાખવા જોઇએ. વ્યસન બંધ કરવા જોઇએ જેથી ખર્ચ બચાવી શકાય. આજે રાજકોટમાં કેળવણી મંડળ, જામનગરમાં વિશ્વકર્મા એજયુકેશન ટ્રસ્ટ, રાજકોટમાં રવિકુમાર એજયુકેશન ટ્રસ્ટ જેવી સંસ્થાઓ તથા ગામેગામ નાની-મોટી સંસ્થાઓ વિદ્યાર્થીઓને નોટબુક, પુસ્તકો તથા ફી સહાય જેવી સહાય આપે છે. તેથી વિદ્યાર્થીઓ


## સમસ્ત વિશ્વકર્મા સમાજ મેરેજ બ્યુરો

**ગુર્જર, સુથાર, મેવાડા, વૈશ્ય, લુહાર સુથાર, પંચાલ, પંચોલી ગુજરાતી સુથાર, યુવક-યુવતી, વિધવા-છુટાછેડા, કુંવારા ભણેલા-ઓછુ ભણેલા બાયોડેટા આવકાર્ય**

**આપની સંપૂર્ણ વિગત તથા ફોટોગ્રાફ મોકલી જીવનસાથીની પસંદગી મેળવો.**

**: આપની સંપૂર્ણ વિગત માટે ફોન કરો :**
**હસમુખ વડગામા - ૯૮૨૪૧ ૮૨૯૦૧**
**વિશાખા ગજ્જર - ૯૮૭૯૮ ૮૨૯૦૧**

**જી-૨, શ્રીજી એપાર્ટમેન્ટ, નેશનલ હેન્ડલુમ પાસે, લો ગાર્ડન, એલસીબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૯.**

એ અભ્યાસના ખર્ચના કારણે અભ્યાસ છોડવાની જરૂર નથી.

અતિથિ વિશેષ રમણીકભાઇ ગોરેચાએ જણાવ્યું હતું કે આજ બાળકો ઇનામો લ્યે છે તેમાં વધારો થવો જોઇએ. બાળકો ભણતાં હોય તેમનું નબળું પરિણામ આવે તો તું નબળો છો તેમ ન કહેવું. પરંતુ તેમને આશ્વાસન આપી ઉત્સાહી કરવો જોઇએ. જેથી તેનું પરિણામ સારું આવશે. સંસ્થાઓએ આવક ઉભી કરવી જોઇએ. જામનગર જ્ઞાતિના ૨૮૦૦ સભ્યોમાંથી ૧૫૦૦ સભ્યો દર વર્ષે રૂા. ૧૦૦૦ આપવા તૈયાર થયા છે તેથી વર્ષે રૂા. ૧૫ લાખ થાય આમ નાની રકમ આપવા સૌ તૈયાર થાય



તો એક મોટીરકમ થાય તેને શિક્ષણમાં વાપરવી જોઇએ. ડો. ધવલભાઇ તલસાણિયાએ ઉદબોધનમાં જણાવ્યું હતું કે, કેળવણી મંડળ ૨૭ વર્ષથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનું કામ કરે છે તે સારી પ્રવૃત્તિ છે. કોઇપણ ઉંમરે અભ્યાસ શરૂ કરી શકાય છે. વિદ્યાર્થીઓએ હંમેશા ગોલ ઉંચો રાખવો જોઇએ. ભલે પ્રથમ પ્રયત્ને નહિ તો બીજા-ત્રીજા પ્રયત્ને પણ તમે તમારા ગોલ સિદ્ધ કરી શકશો અને તેમાં આગળ આવી શકશો. ડો. એકતાબેન તલસાણિયાએ જણાવ્યું હતું કે દરેક મમ્મીએ બાળકો માટે થોડો સમય કાઢવો જોઇએ અને પોતાની હેલ્થ માટે અત્યારથી થોડો સમય કાઢવો જેથી ભવિષ્યમાં દુઃખાવા સહન ન કરવાનો સમય ન આવે.

આ પ્રસંગે રાજકોટ, જામનગર, ખંભાળિયા, ઉપલેટા, પોરબંદર, પડધરી, ગોંડલ, ધોરાજી વગેરે શહેરોમાંથી જ્ઞાતિના પ્રમુખ તથા કમિટી મેમ્બરો, વિવિધ સંસ્થાઓના હોદેદારો, વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણભાઇ ગજ્જર ઉપરાંત મોટી સંખ્યામાં બાળકો, વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓ અને જ્ઞાતિજનો ઉપસ્થિત રહયાહતા. કાર્યક્રમના અંતે સૌએ સાથે ભોજન લીધું હતું. આભાર દર્શન કમલેશભાઇ ભારદીયાએ કર્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા કેળવણી મંડળના અધ્યક્ષ કિશોરભાઇ જાદવાણી, ઉપાધ્યક્ષ ભરતભાઇ ખારેચા, ટ્રસ્ટીઓ પ્રવીણભાઇ અઘેરા, જયંતીભાઇ તલસાણિયા, વિનયભાઇ તલસાણિયા, અરવિંદભાઇ ત્રેટીયા, કાર્યવાહક સમિતિના પ્રમુખ ચમનભાઇ ગોવિંદીયા, ઉપપ્રમુખ કમલેશભાઇ ભારદિયા, ચંદ્રેશભાઇ ખંભાયતા,મંત્રીશ્રી નટુભાઇ ભારદીયા, સહમંત્રી વસંતભાઇ ભાલારા,ખજાનચી નિલેશભાઇ આમરણીયા, સહખજાનચી હરેશભાઇ ખંભાયતા, સભ્યશ્રીઓ જનકભાઇ વડગામા, મહેશભાઇ વડગામા, પ્રકાશભાઇ દુદકીયા તથા જયસુખભાઇ ઘોરેચા, વસંતભાઇ ભેંસાણિયા, નટુભાઇ ધ્રાંગધરિયા, પ્રમોદભાઇ બદ્રકિયા, કમલેશભાઇ અંબાસણા, કિશોરભાઇ બોરાણિયા, કવિલ ગોવિંદીયા, અજય દુદકીયા, શૈલેષભાઇ ખંભાયતા, સતિષભાઇ ભારદિયાએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન કમલેશભાઇ ભારદીયા તથા નટુભાઇ ભારદીયાએ કર્યું હતું.

## વિદ્યાર્થીઓનું પ્રેરણારૂપી અનુદાન

કેળવણી મંડળમાંથી પુસ્તકો, નોટબુક તથા સહાય લઇ અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને અધ્યક્ષ કિશોરભાઇ જાદવાણી દર વર્ષે અપીલ કરે છે કે તમો અભ્યાસપૂર્ણ કરી સારી ડિગ્રી મેળવી નોકરી ધંધે લાગો ત્યારે આ સંસ્થાને સહાયક બનો. આ અપીલની અસર રૂપે આ વર્ષે ઘણા વિદ્યાર્થીઓએ સંસ્થાને પોતાનો નોકરી ધંધાની શરૂઆત બાદ પોતાની આવકમાંથી દાન આપેલ છે તેમાં (૧) ચિરાગ કિશોરભાઇ બોરાણિયાએ બી.ઇ. સિવિલ પાસ કરી આઇટીઆઇમાં સરકારી નોકરી મેળવી કેળવણી મંડળને રૂા. ૧૫,૦૦૦/-નું અનુદાન આપેલ છે. (૨) રીંકલ કમલેશભાઇ બદ્રકિયાએ એમબીએ પાસ કરી આઇસીઆઇસીઆઇ બેંકમાં આસી. મેનેજરની નોકરી મેળવી પોતાની આવકમાંથી કેળવણી મંડળને રૂા. ૧૫૦૦૦નું અનુદાન આપેલ છે. (૩) ભાવિન નટવરભાઇ ભારદીયાએ પોતાનો એન્જિનિયરીંગનો અભ્યાસ પૂર્ણ કરી પોતાનો ટુલ્સનો વ્યવસાય કરી પોતાની આવકમાંથી સંસ્થાને રૂા. ૧૫,૧૧૧/-નું અનુદાન આપેલ છે. (૪) ક્રિષ્ના મહેશભાઇ વડગામાએ પોતાનો અભ્યાસ પૂર્ણ કરી નોકરીમાં જોડાયા બાદ પ્રથમ પગારમાંથી રૂા. ૫૦૦૦નું અનુદાન કેળવણી મંડળને આપેલ છે. (૫) ડો. અમી પ્રદિપભાઇ કરગથરાએ એમબીબીએસની ડિગ્રી પાસ કરી હાલમાં ઇન્ટરશીપમાં જોડાયા છે અને પોતાના મળતા સ્ટાઇપન્ડમાંથી રૂા. ૨૫૦૦/-નું અનુદાન કેળવણી મંડળને આપેલ છે. આમ આ અનુદાન વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બનશે.

## અમદાવાદમાં શિક્ષણ પ્રોત્સાહન સમારોહ યોજાયો

# નોલેજ બેઇઝ ટેકનોલોજીનો જમાનો છે : નિરવભાઇ જમનાપરા



**કેનેડા જવા વિદ્યાર્થીઓને ૧૦ થી ૧૫ લાખની આર્થિક સહાય : રમેશભાઇ સુથાર**

અમદાવાદના શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર યુવક સંઘ દ્વારા નવા વાડજ ખાતે આવેલ શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ યુથ ફોરમ ખાતે તા. ૨૨ ડીસેમ્બરના રોજ શિક્ષણ પ્રોત્સાહન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઇન્સ્ટીટયુટ ફોર પ્લાઝમા રીસર્ચ ગાંધીનગરના સાયન્ટીસ્ટ ડો. નીરજભાઇ જમનાપરા, ઓલ ઇન્ડિયા વિશ્વકર્મા વંશજ હિતરક્ષક સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ રમેશભાઇ છનિયારા અને ઉદ્યોગપતિઓ પારૂલભાઇ સેરસીયા(એપેક્ષ એન્જિનિયર્સ), રાજેન્દ્રભાઇ અઘેડા (એઇમ્સ ફાર્મા એન્જિનિયરીંગ)ના મહેમાનપદે યોજાયેલા આ કાર્યક્રમમાં એલકેજીથી કોલેજ સુધીના ૫૮, ૧૮ ગ્રેજયુએટ અને ત્રણ મહિલાઓનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૧૫ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે શિષ્યવૃત્તિ અને મા-બાપ વગરના ૨૭ વિદ્યાર્થીઓને રૂા. ૧૫૦૦ સંસ્થા તરફથી અને ૫૦૦ રૂા. સુરેશભાઇ આહલપરા એમ કુલ ૨૦૦૦ રૂા. દરેક વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં મહેમાનોના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યા બાદ મહેન્દ્રભાઇ તેમજ નેહાબેન સુરેલિયા દ્વારા પ્રાર્થના રજુ કરવામાં આવી હતી. ત્યારબાદ મહેમાનોનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં નિરવભાઇ જમનાપરાનું સન્માન-પ્રમુખ પ્રફુલભાઇ સુરેલિયાએ, રમેશભાઇ છનિયારાનું ગોપાલભાઇ જોલાપરાએ, પારૂલભાઇ સેરસીયાનું ઉપપ્રમુખ ડો. જીતેન્દ્રભાઇ જાદવાણીએ, રાજેન્દ્રભાઇ અઘેડાનું મહેન્દ્રભાઇ ઇસલાણિયાએ તેમજ પ્રમુખ પ્રફુલભાઇનું ધર્મેન્દ્રભાઇ જોલાપરા, શિક્ષણમંત્રી અરવિંદભાઇ કલસારાનું દિલીપભાઇ જાદવાણીએ પ્રો. બાવળેચાનું બંકિમભાઇ કથ્રેચાએ સન્માન કર્યું હતું.

આ પ્રસંગે રમેશભાઇ સુથાર (છનિયારા)એ પ્રાસંગિક













ઉદબોધનમાં જણાવ્યું હતું કે મે ૧૯૯૩-૯૪માં દેશભરની યુનિવર્સિટીઓની મુલાકાત લઇ કયા પ્રકારના શિક્ષણની જરૂર છે. તેનો સર્વે કરી ૧૯૯૫-૯૬થી કોલેજ શરૂ કરી હતી. અમોએ સમાજના વિદ્યાર્થીઓને આર્થિક સહયોગ આપી પૈસા વગર કોઇ શિક્ષણથી વંચીત ન રહે તે જોઇએ છીએ. તેમણે કહયું કે મારો ભાઇ પરેશ હાલ કોલેજનું સંચાલન કરે છે. કેનેડામાં અને અન્ય દેશમાં જવા માંગતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પણ આપીએ છીએ. એટલું જ નહીં કેનેડા અભ્યાસ માટે જવા માંગતા વિદ્યાર્થીઓને ૧૫ લાખની શિષ્યવૃત્તિ પણ આપીએ છીએ. તેઓએ મહેનત કરી કઇ રીતે આગળ આવ્યા તેનું વર્ણન કરીને વિદ્યાર્થીઓને ધ્યેય અને પુરૂષાર્થથી આગળ વધવાની સલાહ આપી હતી.





મહેમાનપદે ઉપસ્થિત નિરવભાઇ જમનાપરાએ જણાવ્યું હતું કે, આજે દિમાગનો જમાનો છે. અને એટલા માટે જ ૩૦ રૂપિયે કિલો બટાકાની ચીપ્સ રૂા. ૩૦૦ના કિલોના ભાવે વેચાય છે. આજે હવે નોલેજ બેઝ ટેકનોલોજીનો જમાનો છે. ત્યારે આપણે ટેકનોલોજી અપગ્રેડ નહીં કરીએ તો વિકાસની ટ્રેન અટકી જશે. જ્ઞાન વાપરવાથી સિદ્ધિ હાંસલ થાય છે. તેમ જણાવી આપણી પાસે દુનિયાને ટક્કર મારી શકીએ તેટલી બુદ્ધિ છે. તેનો ઉપયોગ કરવો જોઇએ. તેઓએ શિક્ષણ માટે જરૂરી માર્ગદર્શન આપવા હંમેશા તત્પર હોવાનું જણાવ્યું હતું.

પ્રો. બાવળેચાએ શિક્ષણની જરૂરીયાત જણાવી અને શિક્ષણ માટે દાન આપવાની અપીલ કરી હતી.

આ પ્રસંગે એલકેજીથી માંડીને કોલેજ સુધીના વિદ્યાર્થીઓનું, મહેમાનો, સંસ્થાના હોદ્દેદારો, શિક્ષણ સમિતિના સદસ્યો, કારોબારી સદસ્યો તેમજ અમદાવાદની વિવિધ સંસ્થાઓના પ્રમુખો અને હોદ્દેદારોના હસ્તે સન્માન કરવામાં આવ્યા હતા. સન્માનમાં સ્મૃતિ ભેટ અને રોકડ સહાય આપવામાં આવી હતી.

વિશ્વકર્મા બાગના પ્રમુખ હસમુખ શંખલપરા, મંત્રી વિનોદ મહિધરીયા અને તેની ટીમ વેજલપુરમાંથી પ્રમુખ પ્રવીણભાઇ કલોલિયા, રમેશભાઇ તલસાણિયા, નીતિન જોલાપરા અને તેની ટીમ, પાલડી પ્રથીક પિલોજપરા અને તેની ટીમ, વાડ તરફથી પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા, મંત્રી પ્રવીણભાઇ ક્નસોરા, જીતેન્દ્રભાઇ વડગામા અને તેની ટીમના સભ્યો, સૃષ્ટિ સર્જનહાર ગૃપના વસંતભાઇ કથરા, દિલીપભાઇ જાદવાણી તેમજ ધર્મેન્દ્રભાઇ ખંભાયતા, પરેશભાઇ છનિયારા વગેરેના હસ્તે ઇનામો આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રની પ્રતિભાશાળી મહિલામાં કુ. ભાવિકા પંચાસરા, રૂપલ ગજ્જર અને નિલમ ગજ્જરનું પણ સન્માન કરી સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. જયારે કરાટેમાં નાની ઉંમરે ગોલ્ડ મેડલ મેળવી ચુકેલ દ્રષ્ટિ અને આરોહી પ્રતિકકુમાર કથેચાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આગવી શૈલીથી સંચાલન જીગીશા ગજ્જર અને ભાવિશા ભાડેશિયાએ કર્યું હતું.





# અનોખી પરીક્ષા


ડો. વિષ્ણુ પ્રજાપતિ

‘બેટા... થોડું ખાઇને જા...! બે દિવસથી તે કાંઇ ખાધું નથી...!’ માં લાચાર શબ્દોમાં મોહનને સમજાવતી રહી.




‘જો મમ્મી... મેં મારી બોર્ડની પરીક્ષા પછી વેકેશનમાં માત્ર સેકેન્ડ હેન્ડ બાઇક જ માંગેલું.. અને પપ્પાએ પ્રોમિસ પણ કરેલું... આજે મારું પેપર પત્યા પછી દીદીને કહેજો કે સ્કુલની બહાર પૈસા લઇને આવે.. મારા ફ્રેન્ડનું જુનુ બાઇક આજે જ લેવાનું છે.... અને જો દીદી બહાર નહીં આવે તો હું ઘરે પાછો નહીં આવું.....!’ એક ગરીબ ઘરમાં મોહનની જીદ અને માંની લાચારી સામસામે ટકરાઇ રહી હતી.

‘બેટા.. તારા પપ્પા તને બાઇક લઇ આપવાનાં જ હતા... પણ ગયા મહિને થયેલો એક્સિડન્ટ... અને...!’ મમ્મી કાંઇ આગળ બોલે તે પહેલા મોહન બોલ્યો, ‘એ હું કાંઇ ન જાણું... મારે બાઇક જોઇએ એટલે જોઇએ જ..!’



અને મોહન માંને ગરીબી અને લાચારીના મધદરીયે એકલી મુકીને બહાર નીકળી ગયો.

ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષાના એક સપ્તાહ પછી ભાગવતસર એક અનોખી પરીક્ષાનું આયોજન કરતાં. જો કે ભાગવતસર ગણિત વિષય ભણાવતા પરંતુ સાથે વિદ્યાર્થીઓને જીવનનું ગણિત પણ સમજાવતાં. વિવિધતાઓથી ભરેલી તેમની અનોખી પરીક્ષા દરેક વિદ્યાર્થીઓ અચૂક આપે જ.

આ વર્ષે પરીક્ષાનો વિષય હતો.. ‘મારી પારિવારીક ભૂમિકા’

મોહન પરીક્ષા ખંડમાં આવીને બેસી ગયો અને તેને મનમાં ગાંઠ વાળી દીધેલી કે જો બાઇક નહી લઇ આપે તો ઘરે નહી જ જાઉં.

પેપર ક્લાસમાં વહેંચાઇ ગયું.. તેમાં દસ પ્રશ્નો હતા. તેના જવાબ લખવા માટે એક કલાકનો સમય હતો. મોહને પહેલો પ્રશ્ન વાંચ્યો અને જવાબ લખવાની શરુઆત કરી.

પ્રશ્ન નં - ૧ તમારા ઘરમાં તમારા પિતાશ્રી, માતાશ્રી, બહેન, ભાઇ અને તમે પોતે કેટલા કલાક કામ કરો છો તે સવિસ્તાર જણાવો ?

મોહને ખૂબ ઝડપથી લખવાનું શરુ કર્યુ.. પપ્પા સવારે છ વાગે રીક્ષા અને ટીફીન લઇને નીકળી પડે તો રાતે નવેક વાગે ઘરે આવે.. અને ક્યારેક રાતે પણ વરધીમાં જવું પડે એટલે દિવસના સરેરાશ પંદરેક કલાક.

મમ્મી તો ચાર વાગે ઉઠે.. ટીફીન તૈયાર કરે.. ઘરનું કામ કરે.. બપોરે સિલાઇનું કામ કરે... અને બધા સૂઇ જાય પછી જ તે સુએ એટલે સરેરાશ રોજ.. સોળેક કલાક..

મોટી બહેન સવારે કોલેજ જાય... સાંજે ૪ થી ૮ ચાર કલાક નોકરી કરે.. રાત્રે મમ્મીને મદદ કરે અને અગિયાર વાગે સૂઇ જાય.. એટલે સરેરાશ.. બાર-તેર કલાક

અને હું... છ વાગે ઉઠું... બપોરે સ્કુલેથી આવી જમીને સૂઇ જવાનું... અને રાત્રે અગિયાર વાગ્યા સુધી વાંચવાનું.. એટલે સરેરાશ દસ કલાક...

મોહને જોયું તો ઘરમાં કામની સરાસરીમાં સૌથી છેલ્લો નંબર તેનો હતો.

પહેલો જવાબ લખ્યા પછી તેને બીજો સવાલ વાંચ્યો.

પ્રશ્ન નં -૨ તમારા ઘરની મહિનાની કુલ આવક કેટલી..?

જવાબ : પપ્પાની અંદાજે દસેક હજાર.. સાથે મમ્મી અને બહેન મળીને ત્રણેક હજારનો ટેકો કરે એટલે કુલ તેર હજાર થાય.

પ્રશ્ન નં - ૩ મોબાઇલ રીચાર્જ પ્લાન... ટીવીમાં આવતી મનપસંદ ત્રણ સિરિયલના નામ.. શહેરના એક થિયેટરનું એડ્રેસ.. હાલની લેટેસ્ટ મુવીનું એક નામ લખો.

આ દરેકના જવાબ સહેલા હોવાથી મોહને એક મિનિટ કરતા ઓછા સમયમાં જવાબ લખી નાખ્યાં.

પ્રશ્ન નં- ૪ બટાટા અને ભીંડાની હાલની એક કિલોની કિંમત.. ઘઉં-ચોખા-તેલના એક કિલોના ભાવ..તમારા ઘરનો લોટ જ્યાં દળાય છે તે ઘંટીનું નામ-સરનામું લખો.

મોહનને આ સવાલનો જવાબ ન આવડ્યો. મોહનને સમજાયું કે જે ખરેખર જીવનની રોજબરોજની ખૂબ જરુરિયાતવાળી ચીજો વિશે તો તેને લેશમાત્ર જ્ઞાન નથી. મમ્મી ઘણીવાર ઘરનું કામ બતાવે તો તરત ના કહી દેતો જેનું આજે ભાન થયું કે મોબાઇલનું રીચાર્જ કે મુવી જે જીવનમાં કોઇ ઉપયોગી નથી તે વિશે ખૂબ જ્ઞાન રાખીએ છીએ પણ ઘરની જવાબદારી લેવામાં પાછીપાની કરીએ છીએ.

પ્રશ્ન નં - ૫ તમારા ઘરમાં તમે ભોજન બાબતે કોઇ તકરાર કરો છો ખરા..?

જવાબ - હા... મને બટાકા સિવાય કોઇ શાક ન ભાવે.. જો મમ્મી બીજુ કોઇ શાક બનાવે એટલે મારે ઝઘડો થાય અથવા હું ખાધા વિના ઉભો થઇ જવું...




આટલું લખીને મોહનને યાદ આવ્યું કે બટેકાથી મમ્મીને ખૂબ ગેસ થઇ જાય અને પેટમાં પણ દુઃખે.. પણ પોતે જીદ કરે કરે ને કરે જ.. એટલે મમ્મી પોતાના બટેકાના શાકમાં એક મોટો ચમચો અજમો નાખીને ખાય.. એકવાર તે શાક ભૂલથી મોહને ખાઇ લીધેલું તો તરત જ થૂંકી નાંખેલું... મમ્મી તું આવું ખાય છે...? બહેન પણ કહેતી કે આપણાં ઘરમાં એવી સ્થિતિ નથી કે રોજ બે જુદા જુદા શાક બને... તું નથી માનતો એટલે મમ્મી બિચારી શું કરે ...?

અને મોહન પોતાની યાદમાંથી બહાર આવ્યો અને પછીનો પ્રશ્ન વાંચ્યો.

પ્રશ્ન નં - ૬ તમે કરેલી છેલ્લી જીદ અને તેનું સ્વરુપ લખો.

જવાબ -મોહને જવાબ લખવાનું શરુ કર્યુ. 'મારી બોર્ડની પરીક્ષા પુરી થઇ ને બીજા દિવસે મેં બાઇક માટે જીદ કરેલી.. પણ પપ્પાએ કોઇ જવાબ ન આપ્યો.. મમ્મીએ સમજાવ્યો કે ઘરમાં પૈસા નથી.. પણ હું ન માન્યો.. મેં બે દિવસથી ખાવાનું પણ બંધ કરી દીધું છે અને મેં જીદ કરી છે કે જ્યાં સુધી મને બાઇક ન લાવી આપો ત્યાં સુધી હું જમીશ નહી.. અને આજે તો ઘરે પણ પાછો નહી ફરુ તેમ કહીને જ નીકળ્યો છું. મોહને પોતાની જીદનો પ્રમાણિકપણે જવાબ લખ્યો.

પ્રશ્ન - ૭ તમને આપવામાં આવતી પોકેટમનીનો શો ઉપયોગ કરો છો...? તમારા ભાઇ કે બહેન તેનો શો ઉપયોગ કરે છે ?

જવાબ - પપ્પા દર મહિને મને સો રુપિયા આપે છે.. તેમાંથી હું મને મનગમતો પરફ્યુમ.. ગોગલ્સ.. જેવી વસ્તુઓ કે ક્યારેક મિત્રોની નાની નાની પાર્ટીઓમાં ખર્ચ કરું છું. મારી બહેનને પણ પપ્પા સો રુપિયા આપે છે.. તે નોકરી કરીને કમાય છે.. તે પોતાની કમાણી મમ્મીને આપે છે અને પોકેટમની ગલ્લામાં નાખી બચાવી રાખે છે.. તેને કોઇ જ શોખ નથી.. તે કંજુસ પણ છે.

પ્રશ્ન - ૮ તમે તમારી પારિવારિક ભૂમિકા શું સમજો છો..?

પ્રશ્ન અટપટો અને અઘરો હતો પણ મોહને વિચારી જવાબ લખ્યો.. પરિવારમાં જોડાઇને રહેવું.. એકમેક પ્રત્યે સમજણ રાખવી.. એકમેકને મદદ કરવી.. અને પોતાની જવાબદારી નિભાવવી.

અને આ લખતા જ મોહનને અંદરથી જ અવાજ સંભળાયો.. શું મોહન તું પોતે પોતાની પારિવારિક ભૂમિકા યોગ્ય રીતે ભજવી રહ્યો છે...?

અને અંદરથી જ પોતાનો જવાબ સંભળાયો 'ના'

પ્રશ્ન- ૯ શું તમારા પરિણામોથી તમારા માતા-પિતા ખુશ છે ? શું તે સારા પરિણામ માટે જીદ કરે કે તમને લડે છે ?

આ જવાબ લખતા મોહનની આંખો ભરાઇ આવી... તે હવે પોતાની પારિવારીક ભૂમિકા સમજી ગયો હતો.. તેને જવાબ લખવાની શરુઆત કરી... 'આમ તો હું ક્યારેય મારા માતા-પિતાને સંતોષકારક પરિણામ આપી શક્યો નથી. જો કે તેમને તેની ક્યારેય જીદ પણ કરી નથી.. અને મેં સેંકડો વાર તેમને આપેલા રિઝલ્ટના પ્રોમીસ તોડયાં છે..'

પ્રશ્ન નં -૧૦ પારિવારિક અસરકારક ભૂમિકા ભજવવા માટે


## વિશ્વકર્મા વિશ્વ

અમદાવાદમાં

## વિશ્વકર્મા વિશ્વનું લવાજમ ભરવા તથા જાહેરાત આપવા સંપર્ક કરો...



## જયમીન ગજજર


**(મો. ૯૬૬૨૦ ૮૯૪૫૧)**

**બ્યુરો ચીફ-અમદાવાદ**

**: બ્યુરો ઓફિસ :**

**હસમુખભાઇ વડગામા, જી-૨, શ્રીજી એપાર્ટમેન્ટ, નેશનલ હેન્ડલુમ પાસે, લો ગાર્ડન, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૯**

વેકેશનમાં તમે કેવી રીતે મદદરૂપ થશો ?



જવાબ : મોહનની કલમ ચાલે તે પહેલાં તેની આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગી.... આ પ્રશ્નનો જવાબ લખતા પહેલાં જ મોહનની પેન ફસડાઇ પડી અને બેંચ પર નીચે મોં ઘાલીને રડી લીધું.. મોહને ફરી પેન ઉપાડી પણ આ પ્રશ્નનો જવાબ તે લખી ન શક્યો.. અને છેલ્લો જવાબ કોરો મુકીને પેપર સબમીટ કરી દીધું.

ગેટ પર જ દીદીને જોઇ તે તેની પાસે દોડી ગયો.

'ભઇલું.. લે આ આઠ હજાર રુપીયા.. મમ્મી એ કહ્યું છે કે મોહનને કહેજે કે બાઇક લઇને ઘરે આવે.' અને તેની દીદીએ મોહન સામે પૈસા ધર્યા.

'ક્યાંથી લાવી આ પૈસા..?' મોહને પુછ્યું.

'મેં મારી નોકરીમાં એક મહિનાનો એડવાન્સ પગાર માંગ્યો તો તેમને આપ્યો.. મમ્મી પણ જ્યાં કામ કરે છે ત્યાંથી ઉછીના લાવી.. અને મારી બચાવેલી પોકેટમની.. બધુ ભેગું કરીને તારા બાઇકના પૈસા કર્યા છે.' દીદીએ જણાવતા કહ્યું.

મોહનની નજર પૈસા પર સ્થિર થઇ અને તેની બહેન ફરી બોલી.

'ભઇલું.. તું મમ્મીને કહીને આવ્યો હતો કે જો મને પૈસા નહી આપો તો ઘરે નહી આવું...! જો હવે તારે સમજવું જોઇએ કે ઘરમાં તારી પણ કંઇક જવાબદારી છે. મને પણ ઘણા શોખ છે.. પણ આપણાં શોખ કરતા પરિવાર વધુ મહત્વનો છે. તું અમારા સૌનો લાડકો છે.. પપ્પાને પણ પગે ખૂબ તકલીફ છે છતા તારા બાઇક માટે પૈસા ભેગા કરવા... તને આપેલ પ્રોમિસ પાળવાં.. પોતાના ફ્રેક્ચરવાળો પગ હોવા છતાં કામ કર્યે જ જાય છે...તું સમજી શકે તો સારુ...! કાલે રાત્રે પપ્પા પણ પોતાનું પ્રોમિસ નહી પુરુ કરવાના કારણે દુઃખી હતા.. પપ્પાએ એકવાર પ્રોમિસ તોડ્યું છે તેની પાછળ તેની મજબુરી છે... બાકી તેં પણ અનેકવાર પ્રોમિસ તોડેલા જ છે ને...!' અને દીદી મોહનના હાથમાં પૈસા મુકીને ચાલી નીકળી.

અને ત્યાંજ તેનો ભાઇબંધ તેનું બાઇક લઇને સરસ સજાવીને આવી ગયો..' લે.. મોહન.. હવેથી આ બાઇક તારુ.. બધા તો બાર હજારમાં માંગે છે... પણ તારા માટે જ આઠ હજાર હોં...!'

મોહન બાઇક સામે જોઇ રહ્યો અને થોડીવાર પછી બોલ્યો, 'તું આ બાઇક તેમને જ આપી દેજે. મારાથી પૈસાની વ્યવસ્થા નહી થઇ શકે.'

અને તે સીધો ભાગવતસરની કેબિનમાં પહોંચ્યો..

'અરે મોહન કેવું લખ્યું પેપરમાં...?' ભાગવતસરે મોહનની સામે જોઇને કહ્યું.

' સર.. આ કોઇ પેપર નહોતું.. મારી જિંદગીનો રસ્તો હતો.. મેં એક જવાબ કોરો રાખ્યો છે.. પણ તે જવાબ હું લખીને નહી જીવીને બતાવીશ.' અને મોહન ભાગવતસરના ચરણસ્પર્શ કરી ચાલી નીકળ્યો.

ઘરે પહોંચતા જ મમ્મી-પપ્પા અને દીદી તેની રાહ જોઇને ઉભા હતા.

'બેટા.. બાઇક ક્યાં.. ?' મમ્મીએ પુછ્યું.

મોહને તે પૈસા દીદીના હાથમાં આપતા કહ્યું, ' સોરી...મારે બાઇક નથી જોઇતું... અને પપ્પા મને રીક્ષાની ચાવી આપો... તમારે આરામ કરવાનો... હું આ વેકેશનમાં કામ કરીશ.. અને મમ્મી આજે સાંજે તને ભાવતું રીંગણ મેથીનું શાક બનાવજે.. રાત્રે પહેલી કમાણી લાવીશ એટલે સાથે જમીશું...!'

મોહનમાં આવેલ પરિવર્તન જોઇ મમ્મી તો તેને વળગી પડી, ' બેટા, તું સવારે જે કહીને ગયો હતો તે વાત મેં તારા પપ્પાને કરી એટલે તે ઘરે આવી ગયેલા... મને ભલે પેટમાં દુઃખે હું તો રાત્રે તને ભાવતું શાક બનાવીશ.'

'ના મમ્મી.. મને હવે સમજાઇ ગયું છે કે પરિવારમાં દરેકની ભૂમિકા શું હોય છે.. રાત્રે મેથી રીંગણ જ ખાઇશ... મેં આજે પરીક્ષામાં છેલ્લો જવાબ નથી લખ્યો પણ પ્રેક્ટિકલ કરીને બતાવીશ.. અને હા મમ્મી આપણે લોટ દળાવીએ છીએ તે ઘરઘંટીનું નામ શું અને તે ક્યાં છે..?'

અને પાછળ જ ભાગવત સર ઘરમાં દાખલ થયા અને બોલ્યા, ' વાહ.. મોહન જે જવાબ નથી લખ્યાં તે તું હવે જીવીને બતાવીશ...

'સર તમે અહીં...?' મોહન ભાગવતસરને જોઇ અચંબીત થઇ ગયો.

'તું મને મળીને ચાલ્યો ગયો પછી મેં તારું પેપર વાંચ્યું એટલે તારા ઘરે આવ્યો.. હું ક્યારનો'ય તમારી વાતો સાંભળતો હતો, તું અનોખી પરીક્ષામાં પહેલા નંબરે આવ્યો છું.' ભાગવતસરે મોહનના માથા પર હાથ મુક્યો.

મોહન ભાગવતસરને પગે લાગી રીક્ષા ચલાવવા નીકળી ગયો.

લેખકના પુસ્તક - વ્હોટસએપની વાર્તા ભાગ -૨ માંથી સાભાર...

**લેખક : ડો. વિષ્ણુ એમ. પ્રજાપતિ, કડી**
**૩૬, ગોપાલપાર્ક સોસાયટી, એસ.વી. સ્કુલ કેમ્પસ સામે, કડી, જી - મહેસાણા. મોબા. ૯૮૨૫૮૭૪૮૧૦**



# વિવાદોનું વાવાઝોડું ૨૦૨૦

અનિલ ખારેચા

આ ટવેન્ટી ટવેન્ટી ની મેચ જેવા ૨૦૨૦ના નવા વર્ષની વાત કરીએ તો અમારી ઈડીયટ ગેંગ કયારેય નથી ઇચ્છતી કે નવા વર્ષમાં કોઈ વાદ વિવાદ કે ઉથલ પાથલ થાય પણ સાલુ ઘણી વ્યક્તિ કંઇક હટકેજ હોય છે, નોર્મલ જીવન જીવીજ ના શકે ! અથવા તો કહી શકાય કે તેમને નોર્મલ જીવવા જ ન દેવાય ખાસ કરીને આ મોદી સરકાર ને જ જોઇલો ને કંઇક રાષ્ટ્રહિતની વાત કરે ને વિવાદ શરૂ!




ફિલ્મ લાઇનમાં આવા ચહેરા વધુ જોવા મળતા કે જેના એક ટવીટથી પણ ધમાલ થઈ જતી, પબ્લિસીટી મળી જતી પરંતુ હાલમાં જે ઘટનાઓ બની તેમાં તો ભાઈ કમાલ કરી, મોદીજીએ તિન તલ્લાક, રામજન્મભૂમિ, ધારા ૩૭૦ ને હવે નાગરિકતા સંશોધન બિલ લાવીને જાણે ઉપરા ઉપરી ચાર બ્લોકબસ્ટર ધમાકેદાર ફિલ્મો પબ્લિકને આપી, પેલા મલ્ટીપ્લેક્સ વાળા પણ વિચારતા થઈ ગયા કે લોકો મુવીના બદલે ન્યુઝ ચેનલો વધુ જોવા લાગ્યા, હવે તો વિરોધ પક્ષની એ હાલત થઈ ગઇ છે કે વિરોધ કરવો તો કયા મુદ્દાનો કરવો? માંડ એક મુદ્દે વિરોધની તૈયારીઓ થાય ત્યા તો બિજો ધડાકો થઈ જ ગયો હોય ! એમા બિચારી મોંઘી ડુંગળી કયાથી યાદ રાખવી ! કોંગ્રેસ ના સલાહકારે તો કદાચ ''બાબા''ને એવી પણ સલાહ આપી હશે કે બોસ ઘરેથી નિકળો એટલે કોઈ મુદો હોય કે ન હોય પણ કાળીપટી તો તમારે ખભે લટકાવીજ રાખવી આ મોદીનુ કંઇ નકકી નહી ગમે તે જાહેરાત કરે તો તુરંત તમે કાળો દિવસ કહી ઓન ધ સ્પોટ ઉજવી શકો! અને કદાચ તેને પણ હવે વિરોધ કરવાની ફાવટ આવી ગઇ છે.. ઘરના પ્રાંગણમાં જ મિડીયાનો રોજ જમાવડો જોતા બોલી નાખે દેખીયે ભૈયા..આજ કાલા દિન હે. પછી પાછળથી કોઈએ કાનમા કહે કે બાબા આજે તો ઇન્દીરાજીની જન્મ જયંતી છે ત્યારે પાછો વળે.. પણ વિરોધ કરવો એટલે કરવો આખરે અસ્તિત્વ નો સવાલ છે બોસ.



આ નાગરિકતા સંશોધન બિલ આવતા તો કમાલ થઈ ગઇ, ડોકટરોની લાખ સલાહ છતા ક્યારેય ન ચાલનારી મમતા દિદી રોજ રોડ પર પાંચ દશ કિલોમીટર રેલીઓમાં ચાલવા લાગી ખરેખર આ તો મોદી છે તોજ શક્ય છે!જે મિડીયા કશુ સ્ટોરી શોધવા ફાફા મારતુ તેને હવે રિપોર્ટર ઓછા પડી રહ્યા છે, ચારે તરફ આગજની, તોડફોડ. દેડકાની માફક ફુટી નીકળેલા સ્વયંભુ કોમી નેતાઓની બાઇટો ને ડીબેટો થઈ. એ બધુ જોતા એમ થાય કે ચેનલો પણ બળતામા ઘી નાખવાનુ નથી ચુકતી, બાબરી મસ્જિદ ચુકાદા બાદ કેટલીય ચેનલોએ તૈયારી કરી હતી તોડફોડના લાઇવ ક્વરેજની પરંતુ હિન્દુ મુસ્લીમ ભાઈઓએ એક્તાના દર્શન કરાવી એમની યોજનાની કસુવાવડ કરાવી નાખી. નાગરિકતા સંશોધન મુદ્દે કોંગ્રેસ ને રહી રહીને ત્રણ દિવસ પછી ટ્યુબલાઇટ થઈ કે આનો વિરોધ કરવો બિચારા રાત દિવસ મહેનત કરીને ગેરકાયદેસર દેશમા ઘુસ્યા હોય એવા દેશદ્રોહી, મુસ્લીમ ઘુસણખોરો નુ કોઈકતો હોવુ જોઈએને ?

રાજકિય પક્ષોનુ કામ જ રાજકારણ કરવાનુ છે તે સમજી શકાય પણ પેલા જેએનયુ ના ક્ષાત્રોની વાત ગળે નથી ઉતરતી. બોલો કશ્મીર મા કોઈ આતંકી મરે તોય નારે બાજી, કશ્મીર મા શાંતિ સ્થપાય તો પણ નારે બાજી, કોઇ પથ્થરબાજ મરે તો પણ આઝાદી..આઝાદી! અરે ભાઇ શેમાથી આઝાદી જોયેછે તમારે ? મને તો લાગે છે કે આવા દેશવિરોધી તત્વો માની કોખમાથી નિકળતાવેંત પણ રડવાને બદલે બોલ્યા હશે..હમકો ચાહિયે આઝાદી! નોર્મલી ફી વધી તો પણ નારા લગાવે..આઝાદી આઝાદી. ભલે તેમને હક્ક છે વિરોધ કરવાનો પણ રાજધાની દિલ્હીને સળગાવાનો હક્ક કોને આપ્યો? બાકી પેલા મુકેશભાઇ અને કંપનીએ મોબાઇલ ચાર્જ પચાસ ટકા વધારી દિધા તે તેમને નથી નડતા ? કરો ને વિરોધ? પણ ખાસ કરીને દિલ્હીમાં મિડીયા ફુટેજ મળી રહે તેથી કારકિર્દી ચમકી જાય તો હાર્દિક કે કનૈયા જેવા જલસા થઈ જાય ને બેંગકોકમાં રાહુલજી સાથે પેકેજ મળે તે અલગથી ! તેમાય જ્યારથી રાષ્ટ્રીય નાગરિકતા સંશોધન બિલ આવ્યું એટલે તો જાણે મૃતપાય વિરોધ પક્ષમા જીવ આવી ગયો ને અમુક ખાસ યુનિવર્સીટીના દેશ વિરોધી નારા ફરી શરૂ, મને તો ક્યારેક એવુ લાગે કે આ જેએનયુ વારા ક્ષાત્રો બિચારા ભણતા કયારે હશે ?દિવસના તોડફોડ, નારેબાજી ને રાતે પણ કયા નિરાંત બિચારાઓને બસો સળગાવવા પેટ્રોલ ખરીદવા જવાનુ, ને રાત્રે કેન્ડલ માર્ચપણ કાઢવાની હોય આમા કયાથી અભ્યાસ કરે ? કદાચ તેમની હાજરી યુનિવર્સીટીમા નહી પણ પાકિસ્તાનમા રહેલા તેમના આકાઓ પુરાતા હશે તે તો નકકી.

# આકાશમાં મુકત ઉડવાની ઈચ્છા પતંગ ઉડાડી કરતો માણસ



અનિલ નગેવાડિયા

માનવીને પાંખ નથી છતાં તેને આકાશમાં મુકત અને ઉડવાની અદમ્ય ઇચ્છા થતી હોય છે તે ઇચ્છાને માણસ પતંગ ઉડાડીને પૂર્ણ કરતો હોય છે. કપાયેલા પતંગ અને ઉડતા પતંગ આપણને ફીલસુફીના પાઠ ભણાવે છે. પતંગ ઉડાડવા સાથે આપણે આપણા સંચાલન વ્યવસ્થાનું મંથન કરવું જોઇએ. કારણ કે પતંગ ઉર્ધ્વગમનનું પ્રતિક અને પ્રેરક છે જે આપણને ઉડી નહી શકવાનો કે કયાંક કપાઇ જવાનો ડર રાખ્યા વગર સતત પ્રગતિશીલ રહેવુ અને હંમેશા ઉંચા સપના જોવાની શીખ આપે છે. આ ઇચ્છાના સપના જ આપણને સતત પ્રગતિમય રહેવાનો જુસ્સો પુરો પાડે છે. ઉતરાયણના ઉત્સવમાં ધાબા પર કે ખુલ્લા મેદાનમાં રહી હાથ અને આંખની ચપળતાથી આપણે આપણા પતંગને બીજાના પતંગથી ઉંચે લઇ જઇ કુશળતાથી હરીફના પતંગ પર આપણી પતંગને ગોથુ ખવડાવી ઢીલ મુકી અને કાપી નાખીએ છીએ આવી જ કાપાકાપીની રમતમાં કયારેક આપણો પતંગ કયારેક સામાવાળાનો પતંગ કપાતો હોય છે કાપા કાપીની આ હુંસાતુંસીમાં આપણે સ્થીર રહેતા શીખી લેવા જેવું છે.

પતંગમાં ઢઢ્ઢો એટલે કે ઉભી સળી જો અકકડ હોય તો પતંગ સારી રીતે ચગતો નથી પરંતુ નરમ ઢઢ્ઢાવાળો પતંગ આપણી આંગળીથી જેમ ઉડાડવો હોય તે દિશામાં સારી રીતે ઉડી શકે છે. નરમ થવામાં અને નમવામાં જ આગળ વધવાનો રસ્તો હોય છે.

ઉતરાયણ એટલે દાન અને સ્નાનનો મહીમા વણાઇ ગયો છે જેમાં ગાયોને ઘુઘરી ખવડાવવી, ઘાસ ખવડાવું. બહેનો તેમની નણંદને દક્ષીણામાં તલ મમરાની ચીકી, લીલા ચણા બોર શેરડી ભરેલા વાસણનું કુંડદાન કરે છે. દ્વારકાના ગુગળી બ્રાહમણો વહેલી સવારે પાણીમાં સફેદ તલ નાખીને સ્નાન કરે છે.

પતંગો અને ગુજરાતના દરેક શહેરો વડોદરા, રાજકોટ, અમદાવાદ, આણંદ, સુરત વગેરે જગ્યાએ બને છે પરંતુ પતંગની નગરી એટલે ખંભાત. ખંભાત કાઇટ સીટી તરીકે પ્રસિદ્ધ છે જયાં દરેક પ્રકારના પતંગોનું ઉત્પાદન અને ઉચ્ચ પ્રકારની બનાવટને કારણે જથ્થા બંધ પતંગના વેચાણ માટે જગપ્રસિદ્ધ છે. ખંભાતી અમદાવાદી, નડીયાદી, જોધપુરી અને પંજાબી પતંગની માંગ સાથે દોરામાં આઠ તારથી લઇને ચોવીસ તાર સુધીના દોરા માંજી અને તેને તેજ ધાર દોર બનાવાય છે.

૧૪ જાન્યુઆરી પછીના રવિવારે ખંભાતના દરિયા કિનારે દરિયાઇ ઉતરાણ ઉજવાય છે જેમાં વહેલી સવારથી પતંગ રસિયાઓ દરિયા કિનારે સવારથી સાંજ સુધી પતંગ ઉડાડી દરિયાઇ ઉતરાણની મોજ માણતા માણતા પોતે ચગાવેલ પતંગ અને વધેલી દોરીની ઢીલ મુકી પતંગ આકાશમાં દેખાતી બંધ થાય તે ઉંચાઇ સુધી ઉડાડીને દોરી સાથે ગગન વિહાર કરવા આકાશમાં છોડી દઇ દરિયા દેવને અર્પણ કરી દરિયા લાલને નમન વંદન કરવાની ખંભાતમાં પ્રાચિન પરંપરા છે.

આજના મોબાઇલ યુગમાં આખો દિવસ અને આખુ વર્ષ મોબાઇલ ફોનમાં નીચુ મોઢુ રાખીને મોબાઇલ મચડતા એકાંકી અને અતડા થતા જતા માણસોનું ઉંચુ જોવા મજબુર કરે છે.

ધાર્મિક રીતે વર્ષ ને બે ભાગમાં વહેચી દીધેલ છે જેમાં દક્ષીણાયન અને ઉતરાયન એમ બે ભાગનું વર્ષ બને સુર્ય ધન રાશીમાંથી મકર રાશિમાં પ્રવેશે તેને આપણે મકર સંક્રાતિ કહીએ છીએ અને આજના દિવસ સૂર્ય ઉતર તરફ ઢળવા મંડે છે તેથી તેને ઉતરાયણ પણ કહીએ છીએ. ઉતરાયણના દિવસથી સુર્યની ઉર્જામાં વધારો થતા વરસાદ અને ઠંડીથી ઠુંઠાવેલ જીવસૃષ્ટિમાં ઉર્જાનો સંચાર થાય છે તેથી આ દિવસે સુર્યના પ્રકાશમાં વધુ સમય રહેવું શારીરિક લાભકારક મનાય છે. મકરસંક્રાંતિ ઉતરમાં લોહરી પશ્ચિમમાં બીહુ અને દક્ષિણમાં પોંગલથી ઉજવાય છે.

આપણે ગુજરાતીઓ મકર સંક્રાંતિની રજાને લબાવવા બીજા દિવસે એટલે ૧૫ જાન્યુઆરીના દિવસે વાસી ઉતરાણના રૂપમાં ઉજવી અને આનંદને બેવડાવીએ છીએ. ઉતરાણના દિવસે કોઇ પતંગ ઉડાડે, કોઇ ફિરકી પકડે કોઇ પતંગ લુટવામાં પડયા હોય અને અમુક વર્ગ ખાલી લંગરીયા નાખી ઉડતા પતંગને ભોય ભેગો કરતા હોય છે અને કોઇ જાત જાતના અવાજો કાઢી કિકીયારી કરતા કરતા હોય છે અને કોઇ જાત જાતના અવાજો કાઢી કિકીયારી કરતા કરા સાથે તલ મમરાની ચીકી બોર શેરડી જીંજરા તથા બપોરે જમવામાં ચટકોદાર ઉંધિયા સાથે જલેબીના ભોજનો સ્વાદ માણે છે.

પતંગ જયાં સુધી દોરીથી જોડાયેલ હોય ત્યાં સુધી જ આકાશમાં ઉડી શકે છે જે ક્ષણે દોરી કપાણી તે જ પળે ઉડતો પતંગ ગોથા ખાતો જમીન ભેગો થઇ જાય આમ દોરીએ પતંગની મર્યાદા અને લગામ છે માણસના જીવનમાં પણ આજ સિદ્ધાંતો દોરીનું કામ કરે છે જો તમારે ટોચ પર ટકી રહેવું હોય તો દોરીનું બંધન સ્વીકારવું પડે અને તે માટે દોરી કાબેલ માણસના હાથમાં હોવી જોઇએ જો પવનનો હોય તો પતંગ ઉડાડવો અઘરો થઇ જાય.

પતંગ આકાશમાં પક્ષીઓ સાથે અડપલા વાદળોને સ્પર્શ કરતી અને પવનના સુસવાયના સંગીત વચ્ચે ગમે તેવી ભીડમાં પોતાનું સ્થાન બનાવી વિહરતી રહે છે.

આપણે આપણો પતંગ ઉડાડવાનો જેટલો આનંદ નથી માણતા તેનાથી વધુ મહેનત આપણે બીજાના પતંગ કાપવામાં કાઢીએ છીએ પરંતુ જેમ આપણે બીજાનો પતંગ કાપીએ છીએ તેમ આપણો પતંગ પણ કાપવાવાળા હાજર હોય છે.

ઉતરાયણ માટે પતંગ બનાવવાનું કામ આમ તો આખુ વર્ષ બારે માસ ચાલતુ હોય છે પરંતુ પેચ લગાવવા માટેની દોરીને માંજો પાવાનું કાર્ય ઉતરાણના બે મહીના અગાઉ થઇ જાય ઉતરાયણની સમાપનની સાંજે ધાબા પર મોટા મોટા ગુબારા ઉડાડી ફટાકડા ફોડી આતશબાજી કરી પતંગ સાથે ફાનસ ચડાવી મોડી રાત્રે ઉત્સવની પુર્ણાહુતી થાય છે.

# સાયકલીંગમાં સુપર રેન્ડોનીયર ટાઇટલ મેળવતો રાજકોટનો સુનીલ નગેવાડિયા



**કુ. મીરા નગેવાડિયા**

કહેવાય છે ને કે, સાયકલીંગ ઇઝ ધ બેસ્ટ એકસરસાઇઝ આ વાતને પોતાના શોખ સાથે સાંકળીને અનુસરી અને ફકત સાયકલીંગ જ નહીં પરંતુ સાયકલીંગ કલબમાં જોડાયને જુદી જુદી ઇવેન્ટમાં ભાગ લઇને ઘણા મેડલ, ચંદ્રક તથા પ્રમાણપત્રો મેળવવાની સિદ્ધિ પણ મહત્વ કરી છે તેવા રાજકોટના સુનિલ નગેવાડિયાની વાત આજના યુવાનોએ અનુસરવા જેવી છે.

રાજકોટનાં ૨૮ વર્ષીય યુવાન સુનિલ નીતિનભાઇ નગેવાડિયાએ ડીપ્લોમા સિવિલ એન્જીનિયરનો અભ્યાસ કર્યો છે અને સાત-આઠ વર્ષથી રાજકોટના જાણીતા આર્કીટેકટ જવાહરભાઇ મોરીને ત્યાં સર્વિસ કરે છે. સુનિલને છેલ્લા એક-દોઢ વર્ષથી સાયકલીંગનો શોખ લાગ્યો અને સાયકલીંગની પ્રેકટીસ ચાલુ કરી અને જામનગર રોડ પર દરરોજ સવારે ૨૫ કિલોમીટર (આવકજાવક) સાયકલીંગ ચાલુ કર્યું.



રાજકોટમાં એક સાયકલીંગ કલબ ચાલે છે. રાજકોટ રેન્ડોનીયર્સ સાયકલીંગ કલબ (રેન્ડોનીયર એટલે લાંબી જર્ની કરનાર). જેમાં લગભગ ૨૦૦ જેટલા મેમ્બરો છે. જેમાં સુનિલ પણ જોડાયો. આ કલબ ભારતભરની ઓડોકસ ઇન્ડિયા રેન્ડોનીયસ (એઆઇઆર) સાથે જોડાયેલ છે અને આ એઆઇઆર કલબ એસીપી એટલે કે ઓડોકસ કલબ ઓફ પેરીસ સાથે જોડાયેલ છે. અને આ કલબ જુદી જુદી સાયકલીંગ ઇવેન્ટ યોજે છે. જેમાં એક કેલેન્ડર વર્ષમાં ૨૦૦, ૩૦૦, ૪૦૦ તથા ૬૦૦ કિ.મી.ની ઇવેન્ટ નિયત નિયમો અનુસાર અને સમય મર્યાદા પૂર્ણ કરનારને સુપર રેન્ડોનીયર ટાઇટલ મેડલ આપવામાં આવે છે.

આ ઇવેન્ટમાં નિયમો પણ અઘરા છે. જેવા કે જેટલા કિ.મી.ની ઇવેન્ટ હોય તેમાં અમુક કિ.મીટરે સ્ટેમ્પીંગ પોઇન્ટ હોય છે જે દરેક સ્ટેમ્મપીંગ પોઇન્ટ નિયત સમય પહેલા પુર્ણ કરવા પડે અને કાર્ડમાં જે તે પોઇન્ટમાં સ્ટેમ્પીંગ કરાવવું પડે જેથી કોઇ શોર્ટ કટથી રસ્તો ન લે. સાથે એક ચેકીંગ ટુકડી હોય જે તે રાઇડ માર્શલ કહે છે તે હોય જે દેખરેખ રાખે છે કે કોઇ નિયમનો ભંગ નથી કરતું ને કોઇ વાહનની પાછળ સાયકલ નહીં ચલાવવાની તથા તેવા ઘણા નિયમો છે. સાયકલીંગ માટે આપેલ કુલ સમય મર્યાદામાં જ રેસ્ટ, ચા-નાસ્તો કે ભોજન લઇ લેવાનું. સ્પર્ધક પોતાની સાયકલમાં બેટરીથી ચાલતી મોટી હેડલાઇટ, ટેઇલ લાઇટ, પાણીની બોટલ, ઓઆરએસ એનર્જી ડ્રીન્ક, રાતના રીફલેકટીવ વેસ્ટ પહેરવાનો, હેલમેટ પહેરવાની, સાયકલમાં મેમ્બર નંબર લગાડવો, પંચર પડે તો બે-ચાર ટયુબ સાથે રાખવાની પંચર પડે તો કોઇની મદદ વગર જાતે જ કરવાનું વગેરે જેવા કડક નિયમો હોય છે.

સુનિલે આ બધી ઇવેન્ટમાં જોડાવા રોડ બાઇક નામની સાત ગીયરવાળી સાયકલ યુ.એસ.(અમેરિકા)ની કંપનીની ૭૦,૦૦૦ રૂા. ખરીદી છે. આ સાયકલ ફોલ્ડીંગ હોય છે જે ભેગી કરી શકાય. જેમાં પંચર પડે તો નટ બોલ્ટ ખોલી વ્હીલ નથી બદલવું પડતું પરંતુ કલેમ્પીંગ ટાઇપ ફીટીંગ હોય છે જેથી તુરત જ વ્હીલ નીકળી જાય અને પંચર પડે તો ટયુબ તુરત જ બદલાવી શકાય આ બધુ ફટાફટ થઇ જાય છે.

સુનીલે આ રોડ બાઇક સાયકલ લઇ કલબની બધી ઇવેન્ટ એક જ વર્ષમાં પુરી કરી નાખી છે જેમાં (૧) ૨૦૦

**૨૦૦, ૩૦૦, ૪૦૦ તથા ૬૦૦ કિ.મી. સાયકલીંગ ઇવેન્ટ એક વર્ષમાં પૂર્ણ કરી ટાઇટલ મેળવ્યું**


કિ.મી. ૨૯ જુલાઇ-૧૮ જામનગરની કલબમાંથી કરીને ૧૨ કલાક ૪૫ મિનિટમાં પુર્ણ કરી (૨) ૨૦૦ કિ.મી. ૨૦ સપ્ટે ૧૮ રાજકોટ-જામનગર રીટર્ન ૧૨ કલાક ૫૫ મિનિટ (૩) ૩૦૦ કિ.મી. ૨ ફેબ્રુ-૧૯ રાજકોટ-ગોંડલ-આટકોટ-જસદણ-બોટાદ રીટર્ન ૧૯ કલાક ૫૯ મિનિટ (૪) ૨૦૦ કિ.મી. ૧૩ એપ્રિલ-૧૯, રાજકોટ-જામનગર રીટર્ન ૧૨ કલાક ૩૬ મિનિટ (૫) ૪૦૦ કિ.મી. ૨૧ સપ્ટે.૧૯ જામનગર-રાજકોટ-ઉપલેટા થઇ જામનગર રીટર્ન ૨૩ કલાક - ૨૬ મિનિટ (૬) ૬૦૦ કિ.મી. ૧૨ ઓકટો-૧૯ જામનગર-રાજકોટ-જુનાગઢ-જેતપુર-પોરબંદર થઇ રીટર્ન જામનગર ૩૯ કલાક-૩૫ મિનિટમા પૂર્ણ કરી. સુનીલ ૬૦૦ કિ.મી.ની એક ઇવેન્ટ સપ્ટે. ૧૯માં જોડાયેલ પરંતુ રસ્તા બહુ ખરાબ હોવાથી સાત પંચર પડતા વધારાની ટયુબ પણ ખલાસ થઇ જતા ૪૫૦ કિ.મી. બાદ કવીટ કરી છોડી દીધી હતી અને ઓકટો-૧૯ માં ૬૦૦ કિ.મી.માં જોડાયને પૂર્ણ કરી હતી. આ બધી ઈવેન્ટમાં વરસાદ, રસ્તા ખરાબ, ટ્રાફીક સહિતની ઘણી મુશ્કેલી વચ્ચે પૂર્ણ કરવી પડતી હોય છે. દરેક ઇવેન્ટમાં કલાકનાં ૨૦ થી ૨૨ કિ.મી.ની એવરેજથી સાયકલ ચાલે છે.



સુનીલે એક વષર્મા આ ચારેય ઇવેન્ટ પૂર્ણ કરી છે અને નિયત સમય મર્યાદા કરતાં જેટલી વ્હેલીપુરી કરી હોય તે પ્રમાણે મેડલ મળે છે. જેમાં સુનીલને ૨૦૦ કિ.મી.માં બ્રોન્ઝ, ૩૦૦ કિ.મી.માં સીલ્વર, ૪૦૦ કિ.મી.માં વર્મીલ્યર તથા ૬૦૦ કિ.મી.માં ગોલ્ડ મેડલ મેળવેલ છે અને એક જ વર્ષમાં આ ચારેય ઇવેન્ટ પુરી કરનારને સુપર રેન્ડોનીયર ટાઇટલ મળે છે. આ મેડલ એસીપી તરફથી મળે છે. સુનીલને આ મેડલ હવે મળશે.

સુનીલ પોતાની ફીટનેશ જાળવી રાખવા સ્વીમીંગ અને મેરેથોન (દોડ) પણ નિયમિત કરતો. સુનીલે ૨૧ કિ.મી. બે મેરેથોન રાજકોટમાં એક અમદાવાદમાં પૂર્ણ કરેલ છે. સાયકલીંગની અલગ અલગ સ્પર્ધાઓમાં મુંબઇ-રાજસ્થાન વગેરે સ્થળોએ ભાગ લઇ ૭ જેટલા મેડલો મેળવેલ છે અને મેરથોનમાં પણ મેડલો મેળવેલ છે. આમ સુનીલે ઘણા મેડલો-ચંદ્રકો તથા પ્રમાણપત્રો મેળવ્યા છે. સુનિલને આ બધા સાહસ માટેની પ્રેરણા તેમના સ્વર્ગસ્થ માતુશ્રી લતાબેન નગેવાડિયા તરફથી મળેલ અને આ બધી સફળતામાં તેમના પત્ની નિકિતાનો પણ ખુબ જ સપોર્ટ મળેલ સુનીલ નગેવાડિયા કોન્ટેક નં. ૮૦૦૦૦ ૧૪૪૮૪.

# અંગ્રેજી ભાષાની ઉભરતી કવિયત્રી ભાવનગરી વિશ્વા આમરણીયા



ભાવનગરમાં સરકારી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ધર્મેન્દ્રભાઇ હીરાભાઇ આમરણીયાની ૨૩ વર્ષીય પુત્રી વિશ્વા હાલ એમ.એ.(અંગ્રેજી)ના છેલ્લા સેમેસ્ટરમાં અભ્યાસ કરે છે. પહેલેથી આજ સુધી અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરનાર વિશ્વાને અંગ્રેજી ભાષા પર સારુ પ્રભુત્વ છે. તેમને અંગ્રેજી થોટસ (વિચાર) લખવાનો શોખ છે તેથી છેલ્લા છ-સાત માસ પહેલા બે-ત્રણ વાકયની થોટસ લખવાની શરૂઆત કરી અને મોટાભાગના થોટસ હાર્ટબ્રેક પર લખતી. આમ મહાવરો વધતો ગયો અને શોખ વધતો ગયો અને થોટસથી આગળ વધી પોએમ(કવિતા) લખવાની શરૂઆત કરી અને આમ ધીરે ધીરે કરીને આ ટુંકાગાળામાં અત્યાર સુધીમાં એકસો (૧૦૦) જેટલી પોએમ લખેલ છે.

વિશ્વાની પોએમ ચારૂ શર્મા તથા જોનીસ જોય જાકોબ દ્વારા પ્રસિદ્ધ ૧૦૦ સ્પેલનડીડ વોઇસ બુકમાં સતસવીર પ્રસિદ્ધ થઇ છે ઉપરાંત તાજેતરમાં મેઘના મેગ્ગી દ્વારા તૈયાર કરવામાં આવેલ અંગ્રેજી પોએમની બુક ટેઇલ્સ ઓફ લોગીંગ બર્ડમાં પણ વિશ્વાની પોએમ પ્રસિદ્ધ થઇ છે. આમ અંગ્રેજી પોએમ લખવાના શોખમાં વિશ્વા આગળ વધતી જાય છે અને અંગ્રેજીની ઉભરતી કવિયત્રી કહી શકાય તેવી રીતે આગળ વધતી જાય છે. વિશ્વા અભ્યાસમાં પણ ખુબ જ હોશિયાર છે. એમ.એ.ના પ્રથમ સેમેસ્ટરમાં તથા બીજા સેમેસ્ટરમાં પણ ભાવનગર યુનિવર્સિટીમાં ફર્સ્ટ આવેલ અને આગળ જતાં અંગ્રેજીમાં પ્રોફેસર બનવું છે.

## પોરબંદર યુવા ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આન્ત્રપ્રેન્યોર સમીટ યોજાઇ

# માણસ વેંચાતા મળશે પણ હિંમત પોતાની જ જોઇએ : અમુભાઇ ભારદિયા









## ૪૦૦૦ રૂા. લઇ રાજકોટ આવેલ બિપીનભાઇ હદવાણીનો ૪૦૦૦ કરોડના ટર્નઓવરનો લક્ષ્યાંક

પોરબંદર યુવા ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આન્ત્રપ્રેન્યોર સમીટનું આયોજન કરવામાં આવેલ હતું. આ સમીટમાં ગોપાલ નમકીનના ફાઉન્ડર અને ડાયરેકટર શ્રી બિપીનભાઇ હદવાણી, રવિ ટેકનોફોર્જ પ્રા.લી.નાશ્રી અમૃતલાલ ભારદીયા, જાણીતા લેખક અને ડેન્ટીસ્ટ ડો. પ્રિયા પટ્ટણી તેમજ ખુબ જ લોકપ્રિય આર. જે. અને સોશ્યલ મીડિયા ઇન્ફોટેઇનર અદિતી રાવલ પધારેલ હતા.

મોહનભાઇ કોટેચા (તાજાવાલા) વાડી ખાતે યોજાયેલ આ આન્ત્રપ્રેન્યોર સમીટમાં હોલ ચિક્કચાર ભરાઇ જતા એક સમય એવો આવ્યો હતો કે આયોજકોએ કાર્યક્રમને ઉભા રહીને માણવો પડયો હતો.

કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગીત સાથે કરવામાં આવી હતી. સ્વાગત પ્રવચનમાં આ યુવા ટીમના પ્રમુખ શ્રી દેવાંગ હિંડોચાએ તમામ વકતાઓને આવકારતા જણાવેલ કે પોરબંદર માટે આ ગૌરવપ્રદ ઘટના છે કે એક સાથે આટલા બધા મહાનુભાવો એક જ સ્ટેજ પર સાથે જોવા મળે છે. ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી ભરતભાઇ રાજાણીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં આયોજન અને વ્યવસ્થાને બિરદાવેલ.

સમીટના પ્રથમ વકતા ડો. પ્રિયા પટ્ટણીએ કે જેઓ ડેન્ટીસ્ટ અને લેખક છે, તેમનું ડો. જિતેન્દ્ર અઢીયા સાથે લખેલ પુસ્તક ઇન્ટયુશન (છઠ્ઠી ઇન્દ્રીય) હમણા જ પ્રકાશિત થયેલ છે તેમણે આન્ત્રપ્રેન્યોર થવા માટે શું કરવું જઇએ તેમજ તે બનવા માટે ઉંમર નહીં પણ આયોજન જરૂરી છે તે બાબત પોતાની રસપ્રદ શૈલીમાં જણાવી.

કાર્યક્રમના બીજા વકતા અને જાણીતા ઉદ્યોગપતિ શ્રી અમૃતલાલ ભારદીયા કે જેઓ રાજકોટમાં રવિ ટેકનોફોર્જના ફાઉન્ડર ડાયરેકટર છે તેઓએ પોતાની લાક્ષણિક શૈલીમાં જણાવ્યું કે હું ૭(સાત) ચોપડી પાસ છું. એક સમયે રૂા. ૩ (ત્રણ)માં રોજે જતો અને આજે રૂા. ૩૦૦ કરોડનું કંપનીનું વાર્ષિક ટર્નઓવર ધરાવું છું. પોરબંદરની નજીકના લાંબા ગામમાં સુથાર પરિવારમાં જન્મેલ શ્રી અમૃતલાલ ભારદીયાએ પોતાની જીંદગીના ચડાવ ઉતાર વિશે વાત કરતા જણાવ્યું કે મને અંગ્રેજી આવડતું નથી પરંતુ મે મારી સાથે દુભાષિયો રાખી લીધો છે. દુનિયાના ૨૨ દેશોમાં હું દુભાષિયા સાથે ફરું છું અને મારી પ્રોડકટ વહેંચું છું અને નવી ખરીદી પણ કરું છું. આન્ત્રપ્રેન્યોર થવા માટે તમને પૈસા મળશે, માણસ મળશે પરંતુ હિંમત તો તમારી જ જોઇએ એ કયાંય બજારમાં વેચાતી મળતી નથી. પોતાની કંપની દ્વારા તેઓ ૧૦૦૦ માણસોને રોજીરોટી પુરી પાડે છે તે બાબતનું તેમને ગૌરવ છે. પોતાની પ્રોડકટ માટે ઝીરો ડીફેકટ એવોર્ડ પ્રાપ્ત કરનાર આ ઉદ્યોગપતિને વર્ષ ૨૦૧૨માં સંત શ્રી મોરારીબાપુના હસ્તે 'ફુલછાબ ઉદ્યોગરત્ન' એવોર્ડ મળેલ છે.

સમીટના ત્રીજા વકતા ગોપાલ નમકીનના ફાઉન્ડર અને ડાયરેકટર શ્રી બિપીનભાઇ હદવાણી હતા. ભાદરા ગામના વતની અને રૂા. ૧ની કિંમતના સાદી કોથળીમાં પેક કરેલ નાસ્તો દુકાને-દુકાને ફરી વહેંચનાર આ ઉદ્યોગપતિ આજે રૂા. ૧૦૦૦ કરોડનું ટર્નઓવર ધરાવતી કંપનીના ડાયરેકટર પદે છે. ગ્રેટ કવોલિટી પ્રોડકટસ એટ મોસ્ટ રીઝનેબલ પ્રાઇસ એ તેમનો જીવનમંત્ર છે. પોતાના સાદી ભાષામાં તેમણે પોતાની કંપનીની સફળતાનો શ્રેય પોતાના પરિવાર તેમજ કંપનીના કામદારોને આપ્યો. અંદાજે ૫૪ (ચોપન) જેટલી પ્રોડકટ ધરાવતી કંપનીના ડાયરેકટરે હજુ નવી-નવી પ્રોડકટ માર્કેટમાં મુકવાનું ચાલું જ રાખ્યું છે. રૂા. ૪૦૦૦ લઇ અને રાજકોટ આવેલ આ ઉદ્યોગ સાહસિકનું ધ્યેય ટુંક સમયમાં જ કંપનીનું ટર્નઓવર ૪૦૦૦ કરોડ સુધી પહોંચાડવાનું છે.

કાર્યક્રમના અંતિમ વકતા યુવાઓમાં ખુબ જ લોકપ્રિય રેડીયો આર.જે. સોશ્યલ મિડીયા ઇન્ફોટેઇનર અને સેલિબ્રિટી ઇન્ટરવ્યુઅર અદિતી રાવલ હતા. ૮ વર્ષથી રેડિયો પર આવનાર અદિતી રાવલે પોતાના ધારદાર વકતવ્યમાં જણાવ્યું કે આન્ત્રપ્રેન્યોર બનવા માટે ઉંમરનો બાદ હોતો જ નથી. ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ પર લાખોની સંખ્યામાં ફોલોવર ધરાવનાર અદિતી રાવલે યુવાવર્ગને પોતાની અંદર રહેલ શકિત બહાર લાવી અને સમયને બગાડયા વગર પોતાને ગમતા વ્યવસાયને અપનાવી આગળ વધવા માટે ઉત્સાહિત કર્યા. તેમજ યુવાઓના પ્રશ્નોના તેઓએ ત્યાં જવાબો પણ આપ્યા.

કાર્યક્રમનું સંચાલનશ્રી કેતન મોનાણી અને ધવલ રાયચુરાએ કર્યું અને આભારવિધિ આકાશ લાખાણીએ કરી તેમજ કાર્યક્રમને સફળ બનાવવા ટીમ યુવાનો સભ્યો મોહિલ ગોદિંયા, હુસેન સફી, પ્રમોદ માવાણી, અનુપ થોભાણી, શ્યામ રાયચુરા, હાર્દિક રૂઘાણી, પ્રતિક ભટ્ટ, કનિષ્ક તેજુરા ખુબ જ જહેમત ઉઠાવી. પદુભાઇ રાયચુરા, હિરલબેન જાડેજા, અનિલભાઇ કારીયા, દિલીપભાઇ ગજેરા, જતીનભાઇ હાથી, ટી.કે. કારીયા, મુકેશભાઇ ઠકકર, રાજકોટ કન્યા છાત્રાલયના ચેરમેન જગુભાઇ ભારદીયા, વિનુભાઇ ભારદીયા, જામનગરના દિલીપભાઇ ભારદીયા, રમણીકભાઇ ગોરેચા અને તેની ટીમ, જામખંભાળિયાના પ્રફુલ પનારા સહિત અનેક મહાનુભાવોએ કાર્યક્રમમાં હાજર રહી તેને માણેલ.

# ખંભાયતા પરિવારનો સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો










રાજકોટ શહેર તથા બહારગામ વસવાટ કરતા ખંભાયતા પરિવારના સભ્યોનો સને ૨૦૧૯નો સ્નેહમિલનનો કાર્યક્રમ તા. ૨૨-૧૨-૨૦૧૯ને રવિવારના રોજ રાજકોટ ખાતે શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળના પટાંગણમાં આનંદપૂર્વક ઉજવાઇ ગયો. દર વર્ષની માફક આ વર્ષે પણ બહારગામથી પણ ખંભાયતા પરિવારના સભ્યોએ બહોળી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમનો આનન્દ ઉઠાવેલહ તો.

ભાવેશભાઇ નરશીભાઇ ખંભાયતાના માર્ગદર્શન હેઠળ પરિવારના બાળકો માટે હંમેશની માફક આ વર્ષે પણ રમતગમત તેમજ ડ્રોઇંગ કોમ્પીટીશનનું સુંદર આયોજન કરવામાં આવેલ.



સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત શ્રીનાથજીની ઝાંખીનો કાર્યક્રમ સુંદર રીતે રજુ કરવામાં આવેલ હતો.

શૈલેષભાઇ પ્રભુદાસભાઇ ખંભાયતા દ્વારા બાળકો માટે પોપકોર્ન તથા મમરીનો લાભ આપવામાં આવેલ જ્યારે મનસુખભાઇ ગોરધનભાઇ ખંભાયતા (લીલી સાજડયાળી) તરફથી પરિવારના બાળકોને શીલ્ડ આપી બાળકોનો ઉત્સાહ વધારેલ હતો. સ્નેહમિલનની પત્રિકાનો સંપૂર્ણ ખર્ચ પ્રકાશભાઇ રમેશભાઇ ખંભાયતા (રાજકોટ) તરફથી કરવામાં આવેલ અલ્પેશભાઇ ખંભાયતા દ્વારા આ વર્ષે પણ ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ. ખંભાયતા પરિવારના વડીલો તથા દાતાશ્રીઓ તરફથી પરમકૃપાળુ પરમાત્મા શ્રી વિશ્વકર્મા દાદા તથા માતા સરસ્વતીને દિપ પ્રાગટય કરી પ્રાર્થના કરવામાં આવેલ. અનિલભાઇ મોહનભાઇ ખંભાયતા દ્વારા પ્રાસંગિક પ્રવચન આપી ખંભાયતા પરિવારની પ્રવૃત્તિઓથી દરેકને વાકેફ કરેલ હતા. દિનેશભાઇ નાનજીભાઇ ખંભાયતા દ્વારા પ્રસંગને અનુરૂપ ઉદબોધન કરી ખંભાયતા પરિવારના ભાઇઓના કાર્યને બિરદાવેલ.

ખંભાયતા પરિવારના ભાઇઓ બહેનોએ પણ પરિવારની દીકરીઓ, બાળકો દ્વારા રમતગમત અને રાસ-ગરબાની રમઝટ બોલાવી આનંદપૂર્વક કાર્યક્રમની મજા માણેલ.

બાળકો દ્વારા પરફોર્મ કરવામાં આવેલ રમત-ગમત તથા ડ્રોઇંગ કોમ્પીટીશનના વિજેતાઓને શીલ્ડ આપી સન્માનિત કરવામાં આવેલ તેમજ દરેક બાળકને ઇનામ પણ આપવામાં આવેલ.

ખંભાયતા પરિવારના આમંત્રણને માન આપી શ્રી વિશ્વકર્મા પ્રભુજી મંદિર, વિશ્વકર્મા કેળવણી મંડળ, શ્રી વિશ્વકર્મા પ્રગતિ મંડળ, કન્યા છાત્રાલય, કુમાર છાત્રાલય તેમજ પ્રતિનિધિઓ તેમજ પ્રેસના પ્રતિનિધિઓએ હાજર રહી શોભામાં અભિવૃદ્ધિ કરેલ.

સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં પરિવારના સભ્યો સર્વશ્રી ધનજીભાઇ, અશોકભાઇ, અનિલભાઇ, દિનેશભાઇ, ચંદ્રેશભાઇ, શૈલેષભાઇ, વિપુલભાઇ, ભાવેશભાઇ, રાજેશભાઇ, મયુરભાઇ, વિજયભાઇ, જીતુભાઇ, હિરેનભાઇ, દિપકભાઇ, સુરેશભાઇ, શિલ્પભાઇ, ચિરાગભાઇ, વિશાલભાઇ, નીતિનભાઇ, વિપુલ મનસુખભાઇ, નિલેશભાઇ, પંકજભાઇ, મહેશભાઇ, ભાવેશ શાંતિલાલ વગેરે નાના-મોટા સૌએ ખુબ જ મહેનત કરી કાર્યક્રમને સફળ બનાવેલ હતો. **(અહેવાલ : વિપુલભાઇ ખંભાયતા)**

# ખંભાયતા પરિવારના સુરાપુરા દાદાના મંદિરની બાજુની ૬૦૦ વાર જમીન ખરીદાઇ

## મંદિર નિર્માણ અને જમીન માટે કિશોરભાઇએ કુલ ૪૫ લાખ જેવો ખર્ચ કર્યો





રાજકોટ-અમદાવાદ હાઇવે પર માલીયાસણ ગામની સામે ૭ કિ.મી. દુર આવેલ ખેરડી ગામમાં ૧૫૦ વર્ષથી બિરાજતા ખંભાયતા પરિવારના સુરાપુરા ભઇલાબાપુના શીખરબંધ મંદિરમાં ગત વર્ષ માર્ચમાં પુનઃપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. સુરાપુરા દાદાનું જયાં મંદિર છે. તે જગ્યા કિશોરભાઇ ખંભાયતા(ડુનેક્ષ)એ વર્ષો પહેલા ખરીદેલી અને આ જગ્યા પર તેમણે જાતે પોતાના ખર્ચે સુરાપુરાબાપાનું સૌપ્રથમ કહી શકાય તેવા મંદિરનું નિર્માણ સમગ્ર સમાજ માટે કર્યું છે. ૬૦૦ વાર જગ્યામાં મંદિર બંધાયા બાદ મંદિરની બાજુમાં જ ૬૦૦ વાર જમીનનો પ્લોટ ખાનગી માલીકીનો હતો. જે જમીનનો પ્લોટ પણ કિશોરભાઇ ખંભાયતાએ સમાજ માટે ખરીદી લીધો છે અને હાલ આ જમીન પર ભરતી ભરી જમીન લેવલીંગનું કામ ચાલુ છે. જે નવી જમીન લેવાઇ છે. તે આવતી પેઢીને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં વિકાસ કરવાના હેતુસર આ જમીન ખરીદવામાં આવી છે. સુરાપુરા બાપાના મંદિર પાસેથી ૬૦૦ વાર જમીન ખરીદાતા હવે આ જગ્યા ત્રણ રસ્તાની થઇ ગયેલ છે. તાજેતરમાં વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે મળેલ ખંભાયતા પરિવારના સ્નેહમિલનમાં જમીન ખરીદાઇ હોવાની અને દસ્તાવેજ થઇ ગયા હોવાની જાહેરાત અશોકભાઇ ખંભાયતા દ્વારા કરવામાં આવી હતી. સુરાપુરા બાપાનું મંદિર કોઇ જાતના ફાળા વગર પોતાના પૈસે નિર્માણ કર્યા બાદ તેની બાજુની જમીન પણ કિશોરભાઇ ખંભાયતાએ તેના પૈસે સમાજ માટે ખરીદવા બદલ સ્નેહમિલનમાં સૌએ તેને અભિનંદન આપ્યા હતા. આ સ્નેહમિલનમાં એવી પણ માહિતી આપવામાં આવી હતી કે ખંભાયતા પરિવારના સુરાપુરા બાપાનું જે મંદિર નિર્માણ પામ્યું. તે મંદિરની જમીનથી માંડીને પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો આશરે ૨૫ લાખનો ખર્ચ કિશોરભાઇ ખંભાયતાએ જાતે ભોગવ્યો છે. એટલું જ નહીં જે નવી જમીન લેવાઇ તેમાં પણ વીસેક લાખનો ખર્ચ થયો છે તે પણ કિશોરભાઇ ખંભાયતાએ ભોગવ્યો છે. આમ ખંભાયતા પરિવાર માટેના આ સૌ પ્રથમ સુરાપુરા મંદિર અને જમીન માટે જ કિશોરભાઇએ ૪૫ લાખ જેવો ખર્ચ કર્યો છે. આટલો ખર્ચ કરવા છતાં તેઓએ નામની અપેક્ષા રાખી નથી. **(અહેવાલ : અશોકભાઇ ખંભાયતા)**

# સ્વ. જ્ઞાની ઝૈલ સિંહનો શ્રદ્ધાંજલી સમારોહ યોજાયો

## ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી મનમોહનસિંઘની ઉપસ્થિતિ : રાજકોટના શ્રી પૈલેશભાઇ સિદ્ધપુરાએ પણ આપી શ્રદ્ધાંજલી





ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. જ્ઞાની ઝૈલ સિંહ બીજા ૨૫મી પુણ્યતિથિ નિમિત્તે દિલ્હીના તાલકટોરા સ્ટેડીયમ ખાતે શ્રદ્ધાંજલી સમારંભ યોજવામાં આવ્યો હતો. અખિલ ભારતીય વિશ્વકર્મા મહાસભાના વર્કિંગ પ્રેસીડેન્ટ જ્ઞાની ઝૈલસિંહના મોટાપુત્ર ઇન્દ્રજીતસિંઘ (બાબુ) તેમજ રાજકોટના પૈલેશભાઇ સિદ્ધપુરા તેઓ પણ અખિલ ભારતીય વિશ્વકર્મા મહાસભાના વર્કિંગ પ્રેસીડેન્ટ છે. તેના દ્વારા આ ભવ્ય શ્રદ્ધાંજલી સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. ભૂતપૂર્વ વડાપ્રધાન ડો. મનમોહનસિંહની સાથે પૈલેશભાઇ સિદ્ધપુરા અને દેશભરના વિવિધ સંગઠનોના આગેવાનોની ઉપસ્થિતિ રહી હતી. રાયગઢીયા બોર્ડનાપ્રધાન જીતેન્દ્રપાલસિંહ ગાગીએ પણ ખાસ હાજરી આપી.

# રાજકોટમાં એન્જિ એક્સ્પો એક્ઝીબીશન યોજાયું

## પરંપરાગત મશીનરીના બદલે લેઝર સહિતની આધુનિક મશીનરી, સાધનો જોવા મળ્યા





રાજકોટનાં એનએસઆઇસી ગ્રાઉન્ડ ૮૦ ફૂટ રોડ ખાતે તા. ૨૨ થી ૨૫ ડિસેમ્બર ચાર દિવસ પાંચમુ એન્જિ. એક્સ્પો યોજાઇ ગયું.

આ એન્જિ. એક્સ્પોનું ઉદઘાટન મુખ્ય મહેમાન એફઆઇસીસીઆઇનાં ગુજરાત કાઉન્સીલનાં વડા પંકજ ટીલકના હસ્તે કરવામાં આવ્યું હતું અને આ પ્રસંગે એફએસએસઆઇના પ્રમુખ ધનકેશ પટેલ, એનએસઆઇસીનાં સુરતના મેનેજર કુલદિપસિંઘ રાજપુત, ગ્લોબલ પબ્લીસીટીનાં જયદિપભાઇ રેણુકા, એફએસએસઆઇ સૌરાષ્ટ્ર ઝોન પ્રમુખ અલ્કેશ ચાવડા તથા રાજકોટ એન્જિ. એશો. પ્રમુખ પરેશભાઇ વસાણી સહિતનાં અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.

આ એક્સ્પોમાં રાજકોટ કે અન્ય શહેરોનાં મશીન ટુલ્સ એકમોનાં ઓઇલ એન્જિન, સબમર્શીબલ પંપ, સીએનસી, વીએમસી મશીન, હાર્ડવેર પાર્ટસ સહિતનાં કોઇ મશીનરી કે પાર્ટસ જોવા મળ્યા ન હતાં. પરંતુ વીએમસી, સીએનસીમાં વપરાતાં ટુલ્સ, બેરીંગ, પાવર પેનલ બોર્ડ, સુતારીકામ સહિતમાં વપરાતાં પાવરટુલ્સ, એરટુલ, ઇન્ડસ્ટ્રીયલ સેફટીના સાધનો વગેરેના સ્ટોલ જોવા મળ્યા હતાં અને ખાસ ધ્યાન ખેંચતા આજના આધુનિક ટેકનીકમાં વપરાતા લેઝર માર્કીંગ, લેઝર કટીંગ, સીએનસી પ્રોફાઇ, પ્લાઝમા કટીંગના મશીનો જોવા મળ્યા હતા. આજે એગ્રીકલ્ચર પાર્ટસ, મશીનરી પાર્ટસ, ઓટોમોબાઇલ પાર્ટસ તેમજ ઇન્ટીરીયર ડીઝાઇન પાર્ટસમાં વપરાંતા લેઝર પ્રોફાઇલ કટીંગ, લેઝર માર્કીંગની મશીનરીઓ ખુબ  જોવા મળી હતી. ઉપરાંત પાવર બચાવતા સોલાર પેનલ, ઇલેક્ટ્રીક પેનલ, એલઇડી લાઇટીગ, મોટા શેડ ઉભા કરવામાં વપરાતી જુદી જુદી સાઇઝ, આકારની પેનલો જોવા મળી હતી.

આ એક્ઝીબીશનમાં સીએનસી પ્રોફાઇલ કટીંગનૂં કામ કરતાં દિલીપ ઇન્ડસ્ટ્રીયલ કોર્પોરેશનવાળા રાજનભાઇ ધ્રાંગધરિયાએ જણાવ્યું હતું કે, હું મોટાભાગનાં મશીન ટુલ્સ પ્રદર્શનોમાં ભાગ લઉં છું. એન્જિ. એક્સ્પોમાં પ્રથમવાર ભાગ લીધો છે. તો










વિશ્વકર્મા ટેક્નોલોજીવાળા મનિષભાઇ તથા અજયભાઇ નટુભાઇ કવાએ પોતાના લેઝર કટીંગ તથા પ્લાઝમા કટીંગની વિશ્વકર્મા દાદાની સુંદર પ્રોફાઇલ કટીંગ સહિતની ડીઝાઇનો, પાર્ટસ ડેમોમાં રજુ કર્યા હતા. તો વુડવર્કિંગ મશીનરી, એસપીએમ મશીન સહિતની મશીનરી બનાવતા નીતિનભાઇ ગજજરે પણ પોતાનું બનાવેલ બ્રાસમાં ઓઇલ ગ્રુવ મારવા માટેનું એસપીએમ લેથ મશીન ડેમોમાં રજુ કર્યું હતું. તો એક્યુરા ઓટોમેશનના નામથી વ્રજબ્રાન્ડની સોફટબેઝ અને ડેડબેઝ હેમર (ખુબ જ સારા ગ્રેડના પ્લાસ્ટીકની હથોડી)ની ડીસ્ટ્રીબ્યુટરશીપ ધરાવતા અલ્કેશભાઇ દશાડિયાએ પોતાના સ્ટોલમાં આ નવીનતમ હેમર(હથોડી) ડેમોમાં મુકી હતી. વર્ષોથી વેરાવળમાં પ્લાયવુડનું કામકાજ કરતાં અલ્કેશભાઇ છેલ્લા બે વર્ષથી આ ક્ષેત્રમાં જોડાયા છે. આમ એન્જિનિયરીંગ વર્કશોપમાં પરંપરાગત જોવા મળતાં લેથ મશીન, ડ્રીલ મશીન, ગ્રાઇન્ડર, હેકસો જોવા નથી મળતાં પરંતુ નવી ટેકનોલોજી વાળી મશીનરી જોવા જાણવાનો લાભ મળે છે. આગામી છઠ્ઠો એક્સ્પો ૧૫,૧૬,૧૭ ફેબ્રુ. ૨૦૨૦ વડોદરા ખાતે, સાતમો એક્સ્પો ૧૯,૨૦,૨૧ ડીસેમ્બર ૨૦૨૦ તથા ફરી આઠમો એક્સ્પો રાજકોટમાં તા. ૧૯,૨૦,૨૧,૨૨ ડીસેમ્બર ૨૦૨૧માં યોજાશે.

# કિશોરભાઇ બદ્રકિયાને દિલ્હી સિમ્સ ખાતે હેલ્થ મિનિસ્ટરના હસ્તે ARTTI RATNA Award પ્રાપ્ત થયો





રાજકોટના શ્રી કિશોરભાઇ ગોરધનભાઇ બદ્રકિયાને તા. ૧૫-૧૨-૨૦૧૯ના રોજ દિલ્હી એઇમ્સ ખાતે ફોરમર હેલ્થ મિનિસ્ટર શ્રી યોગાનંદ શાસ્ત્રીજીના વરદહસ્તે ARTTI RATNA award પ્રાપ્ત થયો છે.

B.Sc. ફિઝીકસ સાથે ગ્રેજયુએટ થયેલાં શ્રી કિશોર બદ્રકિયાએ એકસરે ટેકનીશ્યનનો અભ્યાસ એમ.પી. શાહ મેડિકલ કોલેજ જામનગર તેમજ રેડીએશન સેફટી કોર્સ જે રેડીઓથેરાપી ટેકનોલોજીસ્ટ માટેનો હોય છે જે ભાભા એટોમિક રીસર્ચ સેન્ટર, મુંબઇથી કર્યો છે.

તેઓએ એક્સ-રે તેમજ રેડીઓથેરાપી ટેકનોલોજીસ્ટ તરીકે શ્રી એન.પી. કેન્સર ઇન્સ્ટીટયુટ, રાજકોટ (વર્ષ ૧૯૮૫થી ૨૦૦૫) તેમજ જયંત હોસ્પિટલમાં રેડીઓગ્રાફર તરીકે (૨૦૦૬) ઉપરાંત નવસારી કે.ડી.એમ. ગોહિલ હોસ્પિટલ ખાતે અને બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ, રાજકોટમાં (૨૦૦૬ થી ૨૦૦૮) અને માર્ચ ૨૦૦૮થી આરૂણી હોસ્પિટલ પ્રા.લી. રાજકોટમાં સિનિયર રેડીએશન ટેકનોલોજીસ્ટ પદે ફરજ બજાવી રહયા છે.

તેઓ મેડિકલની વિવિધ સંસ્થાઓ સાથે તેમજ રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળ, ગજજર સર્વિસ ગૃપ, રાજકોટ સાથે પણ સક્રિય રીતે જોડાયેલા છે. બોટાદના ડો. લલિતભાઇ બદ્રકિયાના તેઓ લઘુબંધુ છે.

### જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા

# મંદિરની પાછળની જગ્યા ખરીદી પાર્કિંગ તેમજ ઉપરના ભાગે વિશાળ હોલ બનાવાશે

## લીફ્ટ નખાતા ઉપરના માળે જવા-આવવાની સુવિધા ઉભી થશે



જામનગરમાં ગુર્જર સુતાર જ્ઞાતિનું શ્રી વિશ્વકર્મા પ્રભુજીનું જે મંદિર છે તે ટ્રાફિકથી ધમધમતા અને ગીચ વિસ્તારમાં છે. ખાસ કરીને મંદિરમાં પ્રસંગ હોય કે વિશ્વકર્મા જયંતિ હોય ત્યારે પાર્કિંગની મોટી સમસ્યા સર્જાય છે. અને આ કાયમી સમસ્યા છે. આવી પરિસ્થિતિમાં મંદિરની ઓફિસમાં પાછળની ૮૬૦ ફૂટ જગ્યા લેવાનો જે અગાઉ ઠરાવ થયો છે. તેના અનુસંધાને આ જગ્યા ૩૬ લાખમાં લેવાનો નિર્ણય કર્યો છે. આનો અમલ થતાં મંદિરને મોટું પાર્કિંગ તો મળશે જ પણ ઉપરના ભાગે પણ વિવિધ સુવિધાઓ ઉભી કરવાનું આયોજન છે.






ગુર્જર સુતાર જ્ઞાતિ જામનગરના પ્રમુખ રમણીકભાઇ ગોરેચા અને ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયાએ 'વિશ્વકર્મા વિશ્વ' સાથેની વાતચીતમાં કહ્યું હતું કે મંદિરની ઓફિસ પાછળની જગ્યા આશરે ૮૬૦ ફૂટ છે જે ૩૬ લાખ રૂ.માં લેવાનું નક્કી થયું છે. જગ્યાનો કબ્જો મળ્યા બાદ નીચે પાર્કિંગની જગ્યા થશે અને તેના ઉપર ૧૦૦૦ ફૂટનો હોલ બનાવવામાં આવશે. મંદિરમાં ત્રણ માળ અને ૪થે માળે અગાશી છે. અગાસીમાં પણ ત્રણ રૂમ સહિતની વ્યવસ્થા છે. નવી જગ્યા લઇ લીફ્ટ નાખવામાં આવતા આ ૪થા માળની અગાસીનો પણ પ્રસંગ માટે વધુ સારી રીતે ઉપયોગ થઇ શકશે. મંદિરમાં હાલ પાંચ પ્રસંગો એક સાથે ઉજવાય તેવી વ્યવસ્થા છે. પરંતુ લીફ્ટ ન હોવાથી જગ્યા નં ૨-૩-૫માં માલ સામાન ચડાવવા ઉતારવા. તેમજ જ્ઞાતિજનોને જવા જે મુશ્કેલી પડે છે. તે મુશ્કેલી નવી જગ્યામાં લીફ્ટ નાખવામાં આવ્યા બાદ દુર થશે.

પાર્કિંગની ઉપરના ભાગમાં ૧૦૦૦ ફૂટનો હોલ તેમજ જગ્યા નંબર ૩ અને ૫નો ઉપયોગ કરનાર માટે ચાર રૂમ બનાવવાનું પણ આયોજન છે.

શ્રી રમણીકભાઇ અને દિલીપ ભારદીયાએ જણાવ્યા પ્રમાણે ૧૯૫૫માં શિક્ષણની પ્રવૃત્તિ સૌપ્રથમ શરૂ કરનાર મગનલાલ પ્રેમજીભાઇ વડગામા હતા. વિદ્યા પ્રચારક મંડળની સ્થાપના કરી પાઠ્યપુસ્તક સ્કોલરશીપ, નોટબુક અપાતી આ કામ ૧૯૯૪ સુધી થયું. બાદમાં ધીરુભાઇ વાલંભિયા પ્રમુખ હતા ત્યારે વડગામા વિદ્યાપ્રચારક મંડળની સંસ્થા ગુર્જર સુતાર જ્ઞાતિમાં ભેળવી અને પડેલ ૨,૬૫,૦૦૦ રૂા. શિક્ષણ ફંડ પણ જ્ઞાતિને આપેલ. આજે પણ સંસ્થા ચેરીટીમાં કાર્યરત છે. આમ શિક્ષણની પ્રવૃત્તિ શરૂ કરનારની સ્મૃતિ કાયમ રહે તે માટે વડગામા વિદ્યાપ્રચારક મંડળ શિક્ષણ હોલ તેવું નામ નવા બનનાર હોલનું રાખવું અને બાંધકામનો ખર્ચ મગનલાલ પ્રેમજીભાઇ વડગામા પરિવાર પાસેથી ન લેવો. પણ સમસ્ત વડગામા પરિવાર અને જ્ઞાતિનો સહકાર લઇ આ કામ કરવાનું વિચારાયું છે. આ અંગેનો આખરી નિર્ણય જ્ઞાતિની મળનાર સામાન્ય સભામાં કરવામાં આવશે. તેમ પણ તેમણે જણાવ્યું હતું.

## સુરતમાં દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત વિશ્વકર્મા ગાથા તથા રાંદલ માતાજીનાં લોટાનું આયોજન થયું





શ્રી વિશ્વકર્મા સત્સંગ મંડળ સુરત દ્વારા ભવ્ય દ્વિ દશાબ્દી મહોત્સવ અંતર્ગત વિશ્વકર્મા ગાથા , રાંદલ માતાજીના ૧૦૮ લોટા, ભવ્ય રાસ ગરબાનો કાર્યક્રમ યોજાયો. સુરેન્દ્રનગરથી પધારેલા દિનેશભાઇ ગજ્જર દ્વારા આધુનિક વિશ્વકર્મા ગાથા તેમજ રાંદલ ચરિત્ર કથાનું રસપાન કરાવવામાં આવ્યું હતું. મહારાષ્ટ્ર ના ઇલોરા મુકામે આવેલ વિશ્વકર્મા ધામના સંત શ્રી પૂ.મહેન્દ્રબાપુ, દિનેશભાઇ ગજ્જર, પ્રો. કે.ડી.પંચાલ, પીએસઆઇ ડી.બી.રાવલ, સમાજના પ્રમુખશ્રી કિશોરભાઈ, મંત્રીશ્રી પ્રવિણભાઇ સોંડાગર, અધ્યક્ષ બકુલભાઈ, આર.કે.ચંદ્રેશા, ગિરધરભાઈ સુરેલીયા, સહિત અનેક મહાનુભાવો તેમજ ૨૨૦૦ જેટલા જ્ઞાતિબંધુઓએ ઉપસ્થીત રહી પ્રસાદ લઈ કાર્યક્રમને દિપાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન અજય સોંડાગર દ્વારા કરવામાં આવ્યું હતું. મંડળના અધ્યક્ષ શ્રી અશોકભાઈ માંડવીયા, પ્રમુખશ્રી ડાયાભાઇ ઊજેનિયા, મંત્રીશ્રી અશ્વિનભાઈ જાદવાણી, પરેશભાઈ સોનિગરા તેમજ મંડળના તમામ સભ્યો અને સ્વયંસેવકોએ ખૂબ જ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. શહેરના પ્રતિષ્ઠિત મીડિયામીત્રોએ કાર્યક્રમની નોંધ લઈ ઉત્સાહમાં વધારો કર્યો હતો.

**(અહેવાલ : અજય સોંડાગર, સુરત)**

# જીએસવી પ્રિયદર્શીનીના નવા પ્રમુખ મિતલ કરગથરા : નવી ટીમ જાહેર




રાજકોટમાં યુવા બહેનોનું ગૃપ જીએસવી પ્રિયદર્શીનીએ ચાર વર્ષ પુરા કરી પાંચમા વર્ષમાં પ્રવેશ કરતા નવા હોદેદારોનો પદગ્રહણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથોસાથ ૧૮૧ વુમન હેલ્પલાઇનના સહયોગથી વુમન સેફટી એવરનેશનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.



મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યા બાદ હેલ્પલાઇન સેવાના કો-ઓર્ડીનેટર જીજ્ઞાસા પટેલ અને તેની ટીમે ઉપસ્થિત બહેનોને ગુજરાતની મહિલાને અભય બનાવતી મહિલા હેલ્પલાઇન જેનો નં. ૧૮૧ છે. તે અંગેની માહિતી આપી હતી. અને જણાવ્યું હતું કે આ મહિલા હેલ્પલાઇન સેવાનો ઉપયોગ કોઇપણ કન્યા, યુવતી કે મહિલા કરી શકે છે અને મહિલાને મદદરૂપ બનનાર કોઇપણ પુરૂષ પણ સેવાનો ઉપયોગ કરી શકે છે. મહિલા સાથે થતી હિંસા, લગ્નજીવન તેમજ અન્ય સંબંધોના વિખવાદો, સ્ત્રી ભ્રૂણ હત્યા, સાયબર ગુનાઓ અંગે માર્ગદર્શન અપાય છે.

કેવા કેવા કિસ્સાઓમાં મહિલા હેલ્પલાઇન ઉપયોગી થાય છે તેના દ્રષ્ટાંતો અપાયા હતા. જીજ્ઞાસાબેન પટેલ, રૂચિતાબેન, કોન્સ્ટેબલ દક્ષાબેન વગેરેએ આ સેવાનો લાભ લેવા બહેનોને જણાવ્યું હતું.

મહિલા હેલ્પલાઇનના કાર્યક્રમ બાદ પદગ્રહણ કાર્યક્રમના પ્રારંભમાં પ્રમુખ ડોલીબેન તલસાણિયાએ અત્યાર સુધીમાં પ્રિયદર્શીની દ્વારા હાથ ધરાયેલા કાર્યક્રમોની માહિતી આપવાની સાથોસાથ નવા પ્રમુખ તરીકે મિતલ કરગથરાના નામની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ અન્ય હોદેદારોના નામની જાહેરાત કરાઇહતી. જેમાં ઉપપ્રમુખ તરીકે કિર્તી વડગામા, મંત્રી તરીકે કિંજલ સંચાણિયા, સહમંત્રી તરીકે દિક્ષી જાદવાણી, ખજાનચી તરીકે પ્રણાલી ધ્રાંગધરિયા અને સહખજાનચી તરીકે કાજલ અંબાસણાની તેમજ મેન્ટર તરીકે મયુરી ત્રાટીયા અને ડોલી તલસાણિયાના નામની જાહેરાત કરવામાં આવી હતી.

નવા વરાયેલા પ્રમુખ મિતલ કરગથરાએ યુવા બહેનો વધુને વધુ સભ્યો બને તે માટે પ્રયત્નશીલ રહેવાની સાથોસાથ સમાજને ઉપયોગી થાય તેવા કાર્યક્રમો આપવાની ખાતરી આપી હતી.

આ પ્રસંગે ગજ્જર સખીવૃંદના પ્રમુખ રશ્મીબેન ખંભાયતા, માલતીબેન મેસવાણિયા, ઉત્પલાબેન જાદવાણી વગેરે ઉપસ્થિત રહયા હતા.

# ભગવદગીતા પરની નિબંધ સ્પર્ધામાં રિદ્ધિ દ્વિતિય : ૫૧૧૧ રૂા. પુરસ્કાર

રાજકોટની મહિલા કોલેજમાં ટી.વાય. બી.કોમ.માં અભ્યાસ કરતી રિદ્ધિ ચંદુભાઇ પિલોજપરાએ સફળતાની ચાવી શ્રીમદ ભગવીત ગીતાએ વિષય પર યોજાયેલ નિબંધ સ્પર્ધામાં દ્વિતિય સ્થાન મેળવી રૂા. ૫૧૧૧નો પુરસ્કાર પ્રાપ્ત કર્યો છે.



રાજકોટમાં કોઠારીયા કોલોની હાઉસીંગ બોર્ડ કવાર્ટરમાં રહેતા અને ફર્નીચરનું કામ કરતા ચંદુભાઇ અને કાજલબેનની પુત્રીએ પ્રથમ વખત જ આ પ્રકારની સ્પર્ધામાં ભાગ લીધો અને દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

કાલાવડ રોડ પર ટીજીબી હોટલ પાસે આર્ય ગુરૂકુલમ નામની આવેલ સંસ્થા કે જયાં બાળકોને વિનામુલ્યે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ શિક્ષણ આપવામાં આવે છે. મેહુલભાઇ આચાર્ય આ આર્ય ગુરૂકુલમ ચલાવે છે. આ સંસ્થા દ્વારા ભગવત ગીતા એ વિષય પર નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૧૦ જેટલા શહેરોના ૮૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હત. આત્મીય કોલેજ પાસે યોજાયેલ સમારંભમાં ડીવાયએસપી મનોહરસિંહજી જાડેજા, ગોપાલ નમકીનવાળા બિપીનભાઇ હદવાણી, કિશોરભાઇ કોટેચા (કોટેચા બિલ્ડર્સ), મેહુલભાઇ આચાર્ય વગેરેના હસ્તે રોકડ ઇનામો તેમજ દરેક સ્પર્ધકને પ્રેરણાત્મક પુસ્તક ભેટ અપાયા હતા.

## જીએસવી પ્રિયદર્શીની દ્વારા યોજાયેલ

# હિમોગ્લોબીન ચેક અપ કેમ્પમાં ૧૩૪ લોકોએ લાભ લીધો





રાજકોટમાં યુવા બહેનોની સંસ્થા જીએસવી પ્રિયદર્શીની તા. ૨૫-૧૨-૧૯ના રોજ વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે બી.ટી. સવાણી કીડની હોસ્પિટલ ટ્રસ્ટઅને કુંડારીયા કેન્સર પ્રિવેન્શન ફાઉન્ડેશનના સહયોગથી હીમોગ્લોબીન ચેકઅપ કેમ્પનું વિનામુલ્યે આયોજન કરવામાં સાથોસાથ બ્રેસ્ટ કેન્સર જાગૃતિ અભિયાનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળના સહયોગથી યોજાયેલ કાર્યક્રમનું સંસ્થાના અધ્યક્ષ કિશોરભાઇ જાદવાણી, પ્રમુખ ચમનભાઇ ગોવિંદીયા, પ્રિયદર્શીનીના પ્રમુખ મિતલ કરગથરા, કિડની હોસ્પિટલના ટ્રસ્ટી કિશોરભાઇ કુંડારીયા, શાંતિભાઇ ફળદુ, ડો. રાધિકા જાવીયા, વગેરેના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યા બાદ હિમોગ્લોબીન ચેકઅપનો પ્રારંભ થયો હતો. બપોરે સાડા બાર સુધીમાં ૧૩૪ જેટલા ભાઇ-બહેનોનું હિમોગ્લોબીન ચેક કરવામાં આવ્યું હતું. ડો. રાધિકા જાવીયાના જણાવ્યા પ્રમાણે ૯૦ ટકા બહેનોમાં હિમોગ્લોબીનનું પ્રમાણ ઓછું જોવા મળ્યુંહતું. ભાઇઓમાં હિમોગ્લોબીનનું પ્રમાણ સામાન્ય હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. હિમોગ્લોબીનની ઉણપ હોય તેવા તમામ બહેનોને ૨ મહિનાની દવા વિનામુલ્યે આપવામાં આવી હતી.

આ પ્રસંગે સર્વાઇકલ કેન્સર અને બ્રેસ્ટ કેન્સર અંગે ડો. રાધિકા જાવીયાએ વિસ્તૃત સમજ આપી હતી. દેવર્ષ વાછાણી અને વાલાત વાછાણીએ પણ માર્ગદર્શન આપ્યું હતું.

પ્રિયદર્શીની ગ્રુપના પ્રમુખ મિતલ કરગથરા, ઉપપ્રમુખ કિર્તી વડગામા, મંત્રી કિંજલ સંચાણિયા, સહમંત્રી દિપ્તી જાદવાણી, ખજાનચી પ્રાણાલી ધ્રાંગધરિયા, સહખજાનચી કાજલ અંબાસણા સભ્યો નૈના વિરમગામા, નિમિષા વડગામા, દિપા વડગામા વગેરેએ જહેમત ઉઠાવી હતી.
**(અહેવાલ : કિંજલ સંચાણિયા)**

# ગજજર સુથાર સમાજ, ગુજરાતની સમુહ લગ્નના આયોજન અંગે રાજયસ્તરીય બેઠક મળી




ગજજર સુથાર સમાજ, ગુજરાતનો ૧૩મો સમુહ લગ્નોત્સવ તા. ૦૯-૦૨-૨૦૨૦ને રવિવારે ધર્મજ જલારામ મંદિર ખાતે યોજવામાં આવ્યો છે. તેના આયોજન અંગે રાજયસ્તરીય બેઠક વડોદરા હોટલ ઉત્સવ ખાતે ઠાકોર મિસ્ત્રીના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી.

બેઠકનો પ્રારંભ જયશ્રીબેન ગજજર અને મિનાક્ષીબેન મિસ્ત્રીએ દીપ પ્રાગટયથી કરાવ્યો.

સાથે રચનાબેન, જાગૃતિબેન, ઉર્મિલાબેન, વસુબેન, પદમાબેન, નિકિતાબેન તથા જયોતિબેન સહિત મહિલા પાંખની બહેનો દૃશ્યમાન થાય છે.

બેઠકમાં રાજયભરમાંથી સમાજના અગ્રણીઓ અને મહિલા પાંખની બહેનો ઉપસ્થિત રહી હતી.

બેઠકમાં ૧૬ યુગલોને ચીજવસ્તુ અને ભેટ સોગાદોની નોંધણી કરવામાં આવી. સ્થળ પર મેરેજ નોંધણી અને કુંવરબાઇનું મામેરું કુમકુમ પગલાની સહાય મેળવવાની સમીક્ષા કરવામાં આવી.

બેઠકનું સંચાલન સંજયભાઇ ગજજર અને જાગૃતીબેન મિસ્ત્રીએ કર્યું હતું.

**ભુલ સુધાર :** ગત અંક હેપી બર્થ ડેના સમાચારમાં **કાકા-રમેશભાઇ**ને બદલે **કાકા-જયેશભાઇ** વાંચવું.

# KCM ગ્રુપના વેલકમ ક્રિસમસના આયોજનને વ્યાપક સફળતા





રાજકોટમાં મહિલા સશક્તિકરણ અને બહેનોના સર્વાંગી વિકાસ માટે કામ કરતા બહેનોના KCM ગ્રુપ દ્વારા તા. ૨૩ થી ૨૫ ડિસેમ્બર દરમ્યાન પંચશીલ સોસાયટી ૫ર આવેલ સાગર હોલમાં યોજાયેલ વેલકમ ક્રિસમસ મેલાને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. ત્રણ દિવસ દરમ્યાન દશેક હજાર લોકોએ ક્રિસમસ મેલાની મુલાકાત લઈને બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા.

રાજકોટમાં બહેનો દ્વારા આ પ્રકારના સર્વ પ્રથમવાર યોજાયેલ ક્રિસમસ મેલાનું ઉદઘાટન હર્ષાબેન ખારેચા (આસોપાલવ આર્ટ)એ કર્યું હતું. આ પ્રસંગે જીએસવી પ્રિયદર્શિની ગ્રુપના મંત્રી કિંજલબેન સંચાણિયા તેમજ સમાજના મહિલા અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે જ્ઞાતિના ભૂતપૂવ પ્રમુખ સુર્યકાન્ત વડગામા, કેળવણી મંડળના ઉપાધ્યક્ષ ભરતભાઇ ખારેચા પણ ઉપસ્થિત રહયા હતા.

ક્રિસમસ મેલામાં ડ્રેસમટીરીયલ્સ ખાણી-પીણી, રેડીમેઇડ ગારમેન્ટ, ઇમીટેશન જવેલરી, પર્સ, બેડશીટ, વિવિધ જાતના પિલો સહિતના વિવિધ સ્ટોલો રાખવામાં આવ્યા હતા.

આ ક્રિસમસ મેલામાં બહેનો માટે યોગ શિબિર અને બહેનો પોતાનું શિક્ષણ જાતે જ કરી શકે તે માટે જુડો-કરાટે અંગેના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગ નિષ્ણાંત વર્ષાબેન અંબાસણાએ બહેનોને યોગ અંગે પ્રાથમિક માહિતી આપી જીવનમાં યોગનું શું મહત્વ છે તે સમજાવી યોગને નિયમિત અપનાવવા જણાવ્યું હતું.નેહા ધર્મેન્દ્ર છનિયારા અને મિરલ સુનિલભાઇ વડગામાએ જુડો-કરાટેનું નિર્દશન કરી અને બહેનોને સ્વરક્ષણ માટે આજે જુડો કરાટેની કંઇ રીતે જરૂર છે. તેની સમજ આવી હતી. કિંજલબેન ખારેચા, ચાર્મી ધ્રાંગધરિયા અને મિરલ વડગામાના આ પ્રથમ જ આયોજનને જબરદસ્ત સફળતા મળી હતી અને આ માટે આ ત્રણેય બહેનોએ સમાજના આગેવાનોએ અભિનંદન આપ્યા હતા. **(અહેવાલ : કિંજલ ખારેચા)**

# સોનીગરા પરિવાર દ્વારા નૂતન વર્ષ નિમિત્તે પ્રથમ સ્નેહમિલન યોજાયું





સોનીગરા પરિવાર સુરાપુરા દાદા મંદિર ટ્રસ્ટ સુડાવડ તા બગસરા જી .અમરેલી દ્વારા નૂતન વર્ષ નિમિત્તે પ્રથમ સ્નેહ મિલન કાર્યક્રમનુ આયોજન કારતક સુદ -૩ ને બુધવાર તા ૩૦ -૧૦ -૨૦૧૯ ના શુભ દિને કરવામાં આવેલ તેમાં સોનીગરા પરિવારના બસો પરિવારજનોએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવવામાં ફાળો આપ્યો. મહાપ્રસાદનું આયોજન ગો.વા. મનજીભાઈ ચનાભાઈ સોનીગરાના સ્મણાથે ગં. સ્વ. શાંતાબેન મનજીભાઈ (સાતોદડ પરિવાર વાળા)ના સૌજન્યથી રાખવામાં આવેલ.

# શિયાળુ સ્પેશ્યલ વાનગીઓ

શુભદા ભટ્ટી



**(૧) આદુ પાક :**

**સામગ્રી :**

- ઘઉંનો લોટ - ૧૫૦ ગ્રામ
- ઘઉંનો કરકરો લોટ - ૫૦ ગ્રામ
- ઘી - ૧૫૦ ગ્રામ
- ગોળ - ૧૦૦ ગ્રામ
- આદુ - ૫૦ ગ્રામ

**બનાવવાની રીત :** સૌ પ્રથમ આદુને ધોઇને ખમણીને સાઇડ પર મુકી દો. એક વાસણમાં ૨ થી ૩ ચમચી ઘી લો અને તેમાં ઘઉંનો લોટ અને ઘઉંનો કરકરો લોટ ઉમેરીને બરાબર મિકસ કરો અને તેને ધીમા ગેસે ૫ થી ૭ મિનિટ સુધી હલાવો. ગેસ બંધ કરીને લોટને એક ડીશમાં કાઢી લો. એ જ વસાણમાં ફરી ૨ થી ૩ ચમચી ઘી લો અને ખમણેલા આદુ ને ૪ થી ૫ મિનિટ સુધી સાંતળો ગોલ્ડ બ્રાઉન થાય ત્યાં સુધી. ગેસ બંધ કરીને આદુને લોટમાં ઉમેરી લો. એક મોટા વાસણમાં થોડુ ઘી લો અને તેમાં ગોળ ઉમેરીને સતત હલાવતા રહો પછી તેમાં શેકેલો લોટ અને આદુ ઉમેરો બરાબર મિશ્રણમાં મિકસ કરી ઘી વાળી થાળીમાં આદુ પાકને ઠારો. થોડો ઠંડો થાય એટલે તેના ટુકડા કરી લો.

**(૨) એપલ હલવો :**

**સામગ્રી :**

- સફરજન - બે નંગ
- ઘી - ૨ મોટી ચમચી
- ખાંડ - ૧/૪ કપ
- કાજુ/બદામનો પાવડર - ૨ મોટી ચમચી
- ઇલાચી પાવડર - ૧/૪ ચમચી
- તજનો પાવડર - ૧/૪ ચમચી

**બનાવવાની રીત :** સૌપ્રથમ સફરજનને ધોઇને તેની છાલ ઉતારીને ખમણી લેવા. એ પછી એક કડાઇમાં ઘી લો. ઘી ગરમ થાય એટલે તેમાં સફરજનનું ખમણ ઉમેરવું અને આને ૭-૮ મિનિટ માટે હલાવતા રહેવું પછી તેમાં ખાંડ ઉમેરો અને બરાબર મિશ્રણને હલાવવું. હવે તેમાં કાજુ/બદામનો પાવડર, તજનો પાવડર ઉમેરીને મિકસ કરી ગેસ બંધ કરવો. પછી તેમાં ઇલાચી પાવડર ઉમેરીને ફરી મિકસ કરી લેવું. એક બાઉલમાં કાઢીને ઉપરથી બદામની કતરણ ઉમેરીને સવ કરવું.



**(૩) ખજુર સ્કેવર :**

**સામગ્રી :**

- પોચી ખજુર ઠળિયા કાઢેલી - ૫૦૦ ગ્રામ



- ઘી - ૪ થી ૫ મોટી ચમચી
- ખસખસ - ૨ મોટી ચમચી
- મિકસ ડ્રાયફ્રુટ (કાજુ/બદામ/પિસ્તા) - ૫ થી ૬ મોટી ચમચી
- કાજુનો ભુકકો - ૨ મોટી ચમચી

**બનાવવાની રીત :** સૌપ્રથમ એક કડાઇમાં ખજુરી ઉમેરીને તેમાં ઘી ઉમેરો અને ધીમા ગેસે ૫ થી ૭ મિનિટ બરાબર મિકસ કરવું. પછી તેમાં કાજુનો ભુકકો, ૨ થી ૩ ચમચી મિકસ ડ્રાયફ્રુટ ઉમેરીને બરાબર મિકસ કરવું. હવે આ મિશ્રણને ગ્રીસ કરેલી થાળીમાં પાથરો અને હાથની મદદથી વધેલા મિકસ ડ્રાયફ્રુટ ઉમેરો અને ખસખસ ઉમેરીને હાથથી થોડુ પ્રેસ કરીને તેના ચોરસ ટુકડા કરી લેવા.

**(૪) સ્પેશ્યલ શિયાળુ પાક :**

**સામગ્રી :**

- ઘી - ૧ વાટકો
- ઘઉંનો લોટ - ૨ વાટકો
- તલનો ભુકકો - ૩-૪ મોટી ચમચી
- શીંગનો ભુકકો - ૩-૪ મોટી ચમચી
- ખારેકનો ભુકકો - ૧ મોટી ચમચી
- ગોળ - ૧ ૧/૨ વાટકો
- ઇલાચી પાવડર - ૧/૨ ચમચી
- સુંઠનો પાવડર - ૧ મોટી ચમચી
- બદામ/પિસ્તાની કતરણ - ગાર્નિશ માટે

બનાવવાની રીત : એક વાસણમાં ઘીને ગરમ કરો પછી તેમાં ઘઉંનો લોટને

શેકવો. બરાબર શેકાય જાય એટલે તેમાં તલનો ભુકકો, શીંગનો અને ખારેકનો ભુકકો ઉમેરવો. બરાબર મિકસ થાય એટલે તેમાં ગોળ ઉમેરીને બરાબર હલાવવું. મિશ્રણને એક રસ થવા દેવું. ગેસ બંધ કરીને ઇલાચી અને સૂંઠ પાવડર અને ઉમેરવો અને બરાબર મિકસ કરીને ગ્રીસ કરેલ થાળીમાં કાઢીને ઉપરથી બદામ પિસ્તાની કતરણ ઉમેરવી અને બરાબર પ્રેસ કરીને તેને ચોરસ ટુકડામાં કટ કરકી લેવું.



### (૫) ચોકલેટ સુખડી :

**સામગ્રી :**

- ઘઉંનો લોટ – એક વાટકો
- ઘી – પોણો વાટકો
- તળેલો ગુંદ – ૨ થી ૩ મોટી ચમચી
- સૂંઠ પાવડર – ૧ મોટી ચમચી
- કોકો પાવડર – ૧ મોટી ચમચી
- ગોળ – પોણો વાટકો

**બનાવવાની રીત :** એક કડાઇમાં ઘી લો તે ગરમ થાય એટલે તેમાં ઘઉંનો લોટ શેકવો તે હલકો થાય વજનમાં ત્યાં સુધી પછી તેમાં ગોળ ઉમેરો અને ગેસ બંધ કરીને તેને સતત હલાવવું. હવે તેમાં સુંઠ પાવડર, ગુંદ, કોકો પાવડર, ઉમેરીને મિકસ કરવું. હવે તેને એક ગ્રીસ કરેલ થાળીમાં કાઢી લેવી અને તેના પર પલાળેલ બદામની છાલ ઉતારીને તેને ઘીમાં શેકવી અને તેની કતરણ ભભારવીને થોડી સુખડી ઠંડી થાય એટલે તેના પીસ કરી લેવા.


વિશ્વકર્મા વિશ્વ

ઘર બેઠા લવાજમ ભરો,
ઘર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો.



Paytm G Pay

મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫ પર
Paytm અથવા G Pay કરો

અને આજ વોટસએપ નંબર પર આપનું એડ્રેસ મોકલી જાણ કરો...

www.vishwakarmavishwa.com પર તેમજ વિશ્વકર્મા વિશ્વની મોબાઇલ એપ ડાઉનલોડ કરીને પણ આપ લવાજમ ભરી શકો છો...

## સંપાદકની વાત...



કેમ છે ? બાળમિત્રો,

વેકેશનની મજા માણીને ? દિવાળીના તહેવારો પણ ઉજવ્યા ને ? ખુબ આનંદ-મસ્તી બાદ હવે અભ્યાસમાં લાગી જવાનું. બીજું સત્ર શરૂ થયું એને પણ એકાદ માસ વીતી ગયો નહીં ? હવે અભ્યાસમાં કાળજી રાખજો, ધ્યાન આપજો.

તમારા માટે દરેક અંકમાં નવો રસથાળ થઇને આવીએ છીએ. વાંચજો, માણજો અને ગમતી કૃતિઓને બીજાને વહેંચજો.

વિશેષમાં દર મહિને આવતા તહેવારો વિશે માહિતગાર થતાં રહેજો. નવું જ્ઞાન પ્રાપ્ત કરતા રહેજો.

આવજો...

- સંપાદક (મો. ૯૯૭૯૨ ૩૭૨૫૯)

# ખટપટજીની ભાગદોડ (બાળવાર્તા)

- ગિરા પિનાકીન ભટ્ટ

ધોળા ધબ્બ સસરાણા. ખૂબ રૂપાળા સસલા રાણા. નાના-નાના પગને મોટા મોટા કાન ! ચકળ-વકળ આંખોને પટપટ કરતી પૂંછ ! આવા સસલા રાણાનું નામ ખટપટજી.

આ ખટપટજી બખોલમાંથી બહાર નીકળી કૂણું કૂણું ઘાસ ખાય. પણ ખાતા-ખાતાય બીવે ને બીવે પાણી પીતા પીતા પણ. આવા ખટપટજીને ના ગમે ન્હાવાનું કે ના ગમે હાથ-પગ ધોવાનું. એવું ચાલે જ કેમ ? ભાઇ, હાથ-પગને મોં તો ધોવું જ પડે ને ? ગંદા-ગોબરા કંઇ રહેવાય ?

તળાવની પાળે કે નદી કિનારે ખટપટજી પાણી પીવા જાય ત્યારે દેડકાઓ ગીત ગાય...

ડ્રાંઉ... ડ્રાંઉ... ડ્રાંઉ... ડ્રાંઉ... ડ્રાંઉ... ડ્રાંઉ...

આ ખટપટજી તો ગંદા, કહે કયારે હું ના નાઉં,

હું ડ્રાંઉ... ડ્રાંઉ...

ઓય, દેડકાઓ, હું તો કદી ના નાઉં. મને ન્હાવાનું ના ગમે. ખટપટિયા સસલાજીની વાત સાંભળીને માછલીઓ હસવા લાગી. એ તો બધી મોટે-મોટેજી ગાવા લાગી ગીત.



હું તરું... હું તરું તરું, હું પાણીમાં તરનારી,

હું ચોખ્ખી ચટ્ટ, હું ચોખ્ખીચટ્ટ રહેનારી,

આ ખટપટજી હાથ ના ધોવે, ના ધોવે એ મોં,

ગંદા ગંદા ફરતા એ તો, ભમતા જયાં ને ત્યાં,

ખટપટજી બોલ્યા, 'પણ... શા માટે હાથ-પગ ને મોં ધોવું પડે ? હું તો કશું સાફ ના રાખું, છતાંય છું ધોળું ધબ્બ !'

ખટપટજીની વાત સાંભળી ઝાડ પર બેઠેલા વાંદરાએ કહયું, ધોળાધબ્બ હોઇએ એટલે મેલા ના થઇએ, એવું કોણે કહયું ? સફાઇ તો કરવી જ પડે હો... ગંદા જરાય ના રહેવાય, ખટપટજી, તમે જુઓ તો જરા... પેલા હાથીનાં ટોળેટોળા કેવાં પાણીમાં ન્હાય છે.

ખટપટજી તો દબાતા પગલે ગયા. હાથીના ટોળામાં હતા નાના બચ્ચા. એ પણ સૂંઢ વડે પાણી શરીર પર નાખે ને મજા માણે. શાંતિથી જોઇ રહેલા ખટપટજીએ પૂછયું, ઓહોહો... શું તમારે ન્હાવું પડે ?

હાસ્તો વળી, એક બચ્ચું બોલી ઉઠયું કેમ...કેમ ન્હાવું પડે, હેં ?

અરે ! આપણું શરીર ગંદુ રહે ને તો રોગથાય પછી આપણને જમવાનું નગમે,

ફરવાનુ ન ગમે, રમવાનું ન ગમે પાણી પીવાનુ પણ ન ગમે. પછી આપણે સાવ નાના-નાના જ રહીએ. હાથીનું એક બચ્ચું બોલ્યું.

ખટપટજી તો આવી વાત સાંભળી સડક જ થઇ ગયા. ના ભાઇ ના, મારે નાના રહેવું નથી. મારે તો મોટા થવું છે. કહેતા પાણીમાં પગ બોળી ધોઇ નાખ્યા. મોં ધોયું ને ધોઇ પીઠ ને પગ. ચોખ્ખાચટ્ટ થઇને ફરી વળ્યા ચારેકોર ! સહુ ચોખ્ખા રહેજો હો.. ગંદા રહીએને તો બીમાર પડીએ. પછી કાંઇ મોટા થવાય ?

સમજાયું ને ? કે સસલાં કેમ દોડાદોડ કરે છે ? એ ચોખ્ખાં રહી સહુને ચોખ્ખા રહેવાની સલાહ આપે છે, ને ગાય છે ગીત

ચોખ્ખા-ચોખ્ખા ચટ્ટ અમે તો,
ન્હાતાં-ધોતા રોજ,
ખાતાં-પીતા, હસતાં-રમતાં,
નિત-નિત કરીએ મોજ !

**(સૌજન્ય : ભાવિક પરિષદ - જાન્યુ. ૨૦૧૯)**

## થોડીવાત વડીલો સાથે...


બાળકને પક્ષીઓની સુંદર વાતો લ્હેવાને બદલે તેને સુંદર પક્ષીઓ બતાવો તો ?

બાળકને એન્જિની કરામત પાટિયા પર સમજાવવાને બદલે તેને એન્જિન પાસે જ લઇ જઇ બતાવો તો ? બાળકને પૃથ્વીના ગર્ભમાં અનેક ખનિજો ભરેલા છે તેની રસિક કથા કહેવાને બદલે ખનિજથી ભરપુર પૃથ્વી ખોદી બતાવો તો !

બાળકને ઘરમાં પડયાં પડયાં તારાઓની વાતો કહેવાનને બદલે ફળિયામાં કે અગાશી પર લઇ જઇ તારા બતાઓ તો ?

તો બાળક વધારે સારું નહિ કેળવાય ?

**સૌજન્ય : બાલમૂર્તિ (એપ્રિલ-૨૦૧૮)**



## પ્રેરક પ્રસંગ : સૌથી રૂડી મીઠાઇ

વિનોબાજીના પિતા વડોદરામાં નોકરી કરતા. વિનાયક દસ વર્ષનો થયો ત્યાં સુધી કુટુંબ ગણોદામાં રહેતું. દિવાળીમાં પિતાજી ઘરે આવે ત્યારે બાળકો મીઠાઇની રાહ જોતાં હોય. એક વખત પિતાએ આણેલું પેકેટ ખોલીને જોયું તો અંદર બે પુસ્તકો હતા. રામાયણ અને ભાગવત ! મા કહે, બેટા, તારા બાપુ તો મજાની મિઠાઇ લાવ્યા છે. આનાથી રૂડી મીઠાઇ બીજી કઇ હોઇ શકે ? વિનોબાજી જીવનભર પુસ્તકોના ચાહક રહયા. મોટા થયા પછી પણ તેમને સુંદર પુસ્તકો કરતા વધારે સારી મીઠાઇ બીજી કોઇ લાગતી નહીં.

અહીં કયાં છે અભ્યાસક્રમ ! છતાં છે શિક્ષણ, જીવનભરનું શિક્ષણ. જીવતાં જીવતાં શીખીએ તો જિંદગી એક વખલખ્યો અભ્યાસક્રમ છે.

**- ભદ્રાયુ વચ્છરાજાની(સૌજન્ય : કેળવણી વિમર્શ)**

## એક વિચાર :

બાળકને ભારેમાં ભો નુકસાન ત્યારે થાય છે કે જયારે મા-બાપ વચ્ચે વિસંવાદ ચાલતો હોય છે. પરિણામે ઘરનું ને બહારનું વાતાવરણ ક્ષુબ્ધ અને કલુષિત હોય છે.

**-ગિજુભાઇ (સૌજન્ય : બાલમૂર્તિ)**


## બાળગીત

### મઝા પડે !

દરિયાકાંઠે જો જાઉં કદી ફરવા
તો શંખ-છીપ વીણવાની મઝા
પડે, મઝા પડે !
વળતાં નિશાળેથી વરસે જો વાદળ
તો નહાવા-ભીંજાવાની મઝા પડે,
મઝા પડે !
વગડે ને ખેતરે જો પહોંચુ વસંતમાં
તો કેસૂડાં ચૂંટવાની મઝા પડે,
મઝા પડે !
ભૈયા બનાવે જો અવકાશી યાન
તો તારલા લુંટવાની મઝા પડે,
મઝા પડે !
જાદુ જો આવડે ને થાઉં પતંગિયું
તો ફૂલ-ફૂલ ફરવાની મઝા પડે
મઝા પડે !

**- યશવન્ત મહેતા**

**(સૌજન્ય : મોજ મજાનાં ગીતો, સાભાર : બાલમૂર્તિ)**



## હસી લઇએ...

ટીચર :- એક ટોપલીમાં ૧૦ સફરજન હતા, તેમાંથી બે બગડી ગયા તો ટોપલીમા કેટલા સફરજન વધ્યાં

રાજુ : દસ

ટીચર : કેવી રીતે દસ વધે ?

રાજુ : સફરજન બગડી જાય તો પણ સફરજન જ કહેવાય, નારંગી કે મોસંબી ના થઇ જાય !

**સૌજન્ય : પુસ્તકાલય**

## : જાણવા જેવું :

**બ્રાઝિલિયન કરોળિયો સૌથી ઝેરી છે. તેના ડંખથી મૃત્યુ થાય છે.**

# સીનરોજા પરિવાર દ્વારા યોજાયું સ્નેહમિલન






ગુર્જર સુથાર સીનરોજા પરિવાર દ્વારા સતત છઠ્ઠા વર્ષે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૧-૧૨ના રોજ રાજકોટના વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે યોજાયેલા આ સ્નેહમિલનમાં રાજકોટ ઉપરાંત જામનગર, અમદાવાદ, જુનાગઢ સહિતના શહેરમાંથી ૧૦૦ જેટલા પરિવારએ તેમજ શહેરની વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિ, હોદેદારોએ હાજરી આપી આયોજનને પ્રોત્સાહિત કર્યું હતું.

## બાયોડેટા એકત્ર કરવાની થયેલ પહેલ

આમંત્રણ કાર્ડની સાથે તમામ પરિવારોને બાયોડેટા ફોર્મ આપવામાં આવ્યા હતા. જે ફોર્મ ભરીને પરિવારને જમા કરાવાયા હતા. ભુપેન્દભાઇ સીનરોજાએ આ પ્રસંગે દીકરીના સંબંધ નકકી કરવામાં ઘણી મુશ્કેલીઓ પડતી હોય છે. ત્યારે અમારા સીનરોજા પરિવારે બાયોડેટા એકત્ર કરી અને અન્ય સમાજને ઉપયોગી થવાની પહેલ કરી છે. એકત્ર થયેલા દીકરા-દીકરીના બાયોડેટા વડીલોને અપાશે. અને વડીલો જ દીકરા-દીકરીની પસંદગી અંગેની કાર્યવાહી સંભાળશે. સીનરોજા પરિવારની આ પહેલને અન્ય પરિવારો પણ અપનાવશે તેવી શ્રદ્ધા ભુપેન્દ્રભાઇએ વ્યકત કરી હતી.

બાયોડેટા એકત્ર કરવા સીનરોજા પરિવારની આ પહેલને પ્રગતિ મંડળના પ્રમુખ કિશોરભાઇ બકરાણિયા, વિશ્વકર્મા ચેરીટેબલ ટ્રસ્ટના રસીકભાઇ વાઘસણા, ડો. દિનેશભાઇ સીનરોજા, હર્ષદભાઇ સીનરોજા, જ્ઞાતિના મંત્રી પ્રદીપભાઇ કરગથરા, કેળવણી મંડળના નટુભાઇ ભારદીયાએ વગેરેએ બિરદાવી અને આવી પહેલ માટે અભિનંદન આપ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં નાના બાળકોના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યા બાદ વર્ષ દરમ્યાન સ્વર્ગવાસ થયેલા તમામને ૨ મિનિટનું મૌન પાડી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. બાદમાં હર્ષદભાઇ સીનરોજાએ ગત વર્ષના સ્નેહમિલનમાં હિસાબ રજુ કર્યા હતો.

સ્નેહમિલનના જમણવારનો સંપૂર્ણ ખર્ચ રૂા. ૪૦,૦૦૦ આપનાર મવડીના સીનરોજા પરિવારના રમેશભાઇ પ્રેમજીભાઇ, સુરેશભાઇ રમણીકભાઇ અને વિજયભાઇ મોહનભાઇના પરિવારના તમામ સદસ્યોને સ્ટેજ ઉપર બોલાવી સન્માન કરવામાં આવ્યું હતું. અન્ય દાતાઓનું તેમજ જાહેરાત આપનારનું પણ સીનરોજા પરિવારના અગ્રણીના હસ્તે સન્માન કરાયું હતું.

કાર્યક્રમનું સંચાલન પ્રગતિ મંડળના મંત્રી રમણીકભાઇ પાટણવાડિયાએ કરવાની સાથોસાથ જે પરિવારના મોબાઇલ નંબર કે એડ્રેસમાં ફેરફાર થાય તો મો. ૯૯૨૫૧ ૨૯૨૪૨ પર જણાવવાની અપીલ કરવાની સાથોસાથ સીનરોજા પરિવાર દ્વારા બાયોડેટા એકત્ર કરવાની કરેલ શરૂઆતને બિરદાવી અન્ય પરિવાર આમાંથી પ્રેરણા મેળવશે તેવી શ્રદ્ધા વ્યકત કરીહતી.

સ્નેહ મિલનમાં હાજરી આપનાર તમામ પરિવાર દીઠ ચાંદીની વિંટી અને જવેલરી આપવામાં આવ્યા હતા.

વડીલોના માર્ગદર્શન અને ભુપેન્દ્રભાઇ જે. સીનરોજા, હર્ષદભાઇ જે. સીનરોજાના રાહબરી હેઠળ સ્નેહ મિલન ગૃપના ગોપાલભાઇ, નયનભાઇ અને નિરવભાઇ(ભાલા), અમિતભાઇ(વાસાવડ), જીતુભાઇ(વાસાવડ), નિલેશભાઇ (વાસાવડ), નિલેશભાઇ (હોડથલી), અમિતભાઇ (કમર કોટડા), મનોજભાઇ (બગસરા), વિપુલભાઇ (બગસરા), વિજયભાઇ (ભુ. સાણથલી), મયુરભાઇ (લુથાળા), ગીરીશભાઇ (ધરાઇ વાવડી), નિલેશભાઇ (ધરાઇ વાવડી)એ જહેમત ઉઠાવી હતી.

આ પ્રસંગે ફુગ્ગાઓથી બનેલ ક્રિસમસ ટ્રીના ફુગ્ગા ફોડી ક્રિસમસનો બાળકોએ આનંદ માણ્યો હતો. કાર્યક્રમનું ફોટોગ્રાફી અને શુટીંગ રોહિત સુરેલિયા (ગજાનંદ સ્ટુડીયો) દ્વારા વિનામુલ્યે કરી અપાયું હતું.

# ભૌમિક નગેવાડિયાએ જીટીયુમાં એમ.ઇ.માં ગોલ્ડ મેડલ મેળવ્યો




ગોંડલ નિવાસી ભૌમિક રૂપેશભાઇ નગેવાડિયાએ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા લેવાયેલ માસ્ટર ઇન એન્જિનિયરીંગમાં (એમ.ઇ.)માં યુનિવર્સિટીમાં પ્રથમ આવતા ગોલ્ડ મેડલ મેળવ્યો છે. ભૌમિકને ગોલ્ડ મેડલ ગાંધીનગર ખાતે તા. ૧૧-૧-૨૦૨૦ના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે આપવામાં આવશે. ભૌમિક હવે આગળ એનઆઇટી સુરતમાં પ્રોફેસર તરીકે જોડાયેલ છે. અને ત્યાંથી તેઓ પીએચ.ડી. કરવાનાં છે. ભૌમિક વિશ્વકર્મા વિશ્વ પરિવારના અરવિંદભાઇ ગજજર(નગેવાડિયા)ના પૌત્ર તથા બાબુભાઇ નગેવાડિયાના પ્રપૌત્ર થાય છે. હાર્દિકને વિશ્વકર્મા વિશ્વ તરફથી હાર્દિક શુભેચ્છા...

# વિશ્વકર્મા વિશ્વનો આગામી અંક

# વિશ્વકર્મા જયંતિ વિશેષાંક -૨૦૨૦






**'વિશ્વકર્મા વિશ્વ'**નો આગામી અંક **'વિશ્વકર્મા જયંતિ વિશેષાંક'** તરીકે ફેબ્રુઆરીના પ્રથમ અઠવાડિયામાં પ્રસિદ્ધ થશે. આપની પ્રોડકટ કે શુભેચ્છા જાહેરાત **તા. ૨૨ જાન્યુઆરી** સુધીમાં સ્વીકારાશે. **'વિશ્વકર્મા જયંતિ વિશેષાંક'**માં પસંદગીના સ્થાન માટે આપની જાહેરાત આજે જ બુક કરાવો...

---

લેખકોએ પોતાની કૃતિ તા. ૧૮ જાન્યુઆરી સુધીમાં મોકલવી...

---

Ramy Publication

Ph.:0281-2461858 M.: 090999 49565

web: www.vishwakarmavishwa.com | mail : vishwakarmavishwa@yahoo.com

vishwakarma vishwa

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2018-2020. Posted at Rajkot RMS on 10th of Every Month


**શુ આપને બેસ્ટ કિચન બનાવવુ છે ?**
**શુ આપને બેસ્ટ બાથરૂમ બનાવવુ છે ?**

**VERITO®**
Kitchenware & Hardware Hub

# ભારતમાં પ્રથમ વખત

## સ્કવેર પ્રોફાઈલ ફુલ સીટ પર્ફોરેટેડ કિચન બાસ્કેટ

**આપનું કિચન બનાવતા પહેલા કંપનીના ડિસ્પ્લેની અવશ્ય એક મુલાકાત લો.**

## ખાસ એન્ડયુઝર માટે

**અલગ અલગ ૭ ડિઝાઇનના કિચન બાસ્કેટ, કિચન એસેસરીઝ, બાથ એસેસરીઝ**





**કંપનીના ડિસ્પ્લેમાંથી ડાયરેક્ટ સેલ થી મેળવો.**

કોઈપણ પ્રકારના ડિલર, ડિસ્ટ્રીબ્યુટર કે શો-રૂમ માર્જીન વગર કંપનીના ડિસ્પ્લેમાંથી ડાયરેક્ટ મળશે.

**બહારગામના કસ્ટમર માટે ટ્રાન્સપોર્ટમાં મોકલવાની સુવિધા આપીશું**

Vibrant

# વાઈબ્રન્ટ મેટલટેક પ્રા.લી.

મેન્યુ. દરેક પ્રકારના S.S. પર્ફોરેટેડ સીટ કિચન બાસ્કેટ, S.S. તથા એલ્યુમિનિયમ લેડર અને બાથ એસેસરીઝ

દ્વારકાધીશ એસ્ટેટ, ઘનશ્યામ ઈન્ડસ્ટ્રીયલ એરીયા-૨, વિરાણી અઘાટ, ઢેબર રોડ (સાઉથ), રાજકોટ-૩૬૦ ૦૦૨.

**Cell : 97251 32031, 72848 58687**

vibrantmetaltech@gmail.com www.vibrantmetaltech.com